RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક


Year : 15, Issue : 314, Dt.26-3-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજે CM રાજકોટને આપશે કરોડોના વિકાસ કાર્યોની ભેટ

## ગુજરાતનાં પ્રથમ થ્રીલેયર આઈકોનીક બ્રિજનું ખાતમુહૂર્તઃ રૂ.૫૬૫ કરોડનાં વિકાસ કામોનું લોકાર્પણ–ખાતમુહૂર્તઃ કેકેવી ગેમઝોનનું લોકાર્પણ મોકૂફ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ અને મોરબીની મુલાકાતે આવી રહ્યા છે જ્યાં તેઓ કરોડો રૂપિયાના વિકાસ કામોને ખુલ્લા મુકશે અને તેની ભેટ નગરજનોને આપશે. મળતી માહિતી મુજબ આજે મોરબી અને રાજકોટ બંને જગ્યા પર તેઓ હાજર રહેવાના હોવાના કારણે ભરચક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જે માટે ગઈકાલે યોગ્ય અને જરૂરી રિહર્સલ પણ કરવામાં આવ્યું હતું. હાલ મળતી માહિતી મુજબ મુખ્યમંત્રી આજે સવારે ૧૦ વાગ્યે અમદાવાદથી રાજકોટ હિરાસર એરપોર્ટ પર ખાસ એરક્રાફ્ટમાં આવી પહોંચશે જ્યાં જિલ્લા કલેક્ટર દ્વારા તેઓનું સન્માન અને સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ સીધા જ તેઓ હેલિકોપ્ટર મારફતે મોરબી પહોંચી ત્યાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે અને તેઓ સીધા સાંજે ૫:૦૦ વાગ્યે હિરાસર એરપોર્ટ પહોંચી રાજકોટ આવા રવાના થશે.

હાલ જે કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે તેને ધ્યાને લઈ તેવો સીધા જ કાલાવડ રોડ પરની કટારીયા ચોકડી પર પહોંચી રાજકોટ મહાનગરપાલિકા અને રૂડાના કરોડના વિકાસ કામોને ખુલ્લા મુકશે સાથોસાથ રાજકોટમાં કટારીયા ચોકડી પાસે બનનાર જે આઈકોનિક બ્રિજ થવાનો છે તેનું પણ ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે. એટલું જ નહીં આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હેમુ ગઢવી હોલ ખાતે જિલ્લા વહીવટી તંત્રના કાર્યક્રમમાં પણ તેઓ હાજરી આપશે અને તે કાર્યક્રમમાં વિચરતી વિમુક્તિ દેવીપુજક સહિતના ૪૮૦ થી વધુ લાભાર્થીઓને સનદનું પણ વિતરણ કરશે. તે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પેરેડાઈઝ હોલ ખાતે આયોજિત રાવળદેવ સમાજના ૧૭૪ લાભાર્થીઓને પણ સનદ આપવા આવવાના હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે ત્યારબાદ તેમના દ્વારા વલ્લભ યુદ્ધ ઓર્ગેનાઈઝેશન ની કાર્યક્રમો હાજરી આપી સીધા એરપોર્ટ પહોંચી અમદાવાદ જવા રવાના થશે.

આ કાર્યક્રમ સુચારું રૂપથી યોજાય તે માટે દરેક વ્યવસ્થા ઝીણવટપૂર્વક કરવામાં આવી રહી છે અને આ બાબતે પોલીસ તંત્ર દ્વારા ખાસ રિહર્સલ પણ યોજવામાં આવ્યું હતું જેથી આજે જે કાર્યક્રમ યોજવાનો છે તેમાં કોઈ પણ ભૂલ ન થાય. મહત્વની વાત એ છે કે રાજકોટને કાલે કરોડો રૂપિયાના વિકાસ કામોની ભેટ મળવાની છે જે અકલ્પનીય છે સાથોસાથ ઘણા ખરા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત પણ થવાનું છે.

# અમદાવાદ પોલીસની કારનો હરિયાણામાં ભયાનક અકસ્માત થતાં ત્રણના ઘટના સ્થળે જ મોત

## પોક્સો ગુનાની તપાસ માટે લુધિયાણા જતાં હતા ત્યારે અકસ્માત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓને અકસ્માત નડયો છે. જેમાં રામોલ પોલીસના પીએસઆઇ સોલંકી તથા ૩ પોલીસ જવાનો પોસ્કોના ગુનાની તપાસમાં લુધિયાણા ખાતે જઈ રહયા હતા. ત્યારે સરકારી બોલેરોને હરિયાણાનાં ડબવાલી ખાતે અકસ્માત થતા પોલીસકર્મી સહિત ૩ નાં મોત થયા છે. તેમજ ડ્જઈ સોલંકી ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડાયા છે.

હરિયાણામાં ભારતમાલા હાઈવે પર એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. સક્તાખેડા ગામ પાસે વડીંગખેડા પેટ્રોલ પંપ પાસે ગુજરાતના અમદાવાદની પોલીસની કારને એક ગમખ્વાર અકસ્માત નડયો છે. ગુજરાત પોલીસનું વાહન હાઈવે પર પાર્ક કરેલા વાહનમાં ઘૂસી જતાં ત્રણ પોલીસ જવાનના મોતની માહિતી સામે આવી છે.

માહિતી અનુસાર હરિયાણાના સિરસામાંથી પસાર થતાં ભારતમાલા ફોરલેન હાઈવે પર બુધવારે વહેલી સવારે એક મોટો અકસ્માત સર્જાયો હતો. પંજાબ તપાસ અર્થે જઇ રહેલી ગુજરાતના અમદાવાદ પોલીસની કાર રોડની સાઈડમાં ઊભેલા વાહનમાં ટકરાઇ હતી. આ અકસ્માતમાં ગુજરાત પોલીસના ત્રણ કર્મચારીઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માતની જાણ થતાં ગઈઅઈની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને તમામ ઈજાગ્રસ્તો અને મૃતકોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તની હાલત ગંભીર હોવાથી ભઠિંડા રિફર કરાયો હતો.આ મામલે હાલમાં ડબવાલી પોલીસ તપાસ કરી રહી છે અને ગુજરાત પોલીસ પણ આ મામલે તેની સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું છે.




પંજાબ જઈ રહ્યા હતા તપાસ માટે : અમદાવાદની રામોલ પોલીસ ગુજરાતથી કેસની તપાસ અર્થે પંજાબ જઈ રહી હતી તે દરમિયાન રસ્તામાં ગુજરાત પોલીસની કાર રોડની સાઈડમાં ઊભા ટ્રેઈલરની પાછળ ઘૂસી જતાં ત્રણ પોલીસકર્મીઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મૃતકોની ઓળખ પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામીત, હોમગાર્ડ રવિન્દ્ર અને ખાનગી ડ્રાઈવર કનુભાઈ ભરવાડ તરીકે થઈ હોવાની હાલ પ્રાથમિક માહિતી મળી રહી છે. આ અકસ્માતમાં રામોલ પોલીસ મથકના પી.એસ.આઈ. જે પી સોલંકીને પણ ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતના પગલે પોલીસબેડામાં શોકનો માહોલ છે.

# ૧લી મેથી એટીએમમાંથી નાણાં ઉપાડવાની સુવિધા મોંઘી થશે

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મોંઘવારીનો માર સહન કરતા આમ આદમીને સેવાના નામે એક પછી એક ઝટકા લાગી જ રહ્યા છે. હવે ૧લી મેથી એટીએમમાંથી નાણાં ઉપાડવાની સુવિધા મોંઘી થશે. નિશ્ચિત મર્યાદા કરતા વધુ એટીએમ વ્યવહાર પર હવે રૂ.૧૭ને બદલે ૧૯ ચુકવવા પડશે. બેલેન્સ ચેક કરવામાં રૂ.૬ને બદલે રૂ.૭નો ચાર્જ લાગશે.



ભારતીય રિઝર્વ બેંકે બેંકોને એટીએમ ઈન્ટરચેન્જ ફી વધારવાની મંજૂરી આપી છે, જેના કારણે હોમ બેંક નેટવર્કની બહારના એટીએમમાંથી કોઈપણ ઉપાડ અથવા બેલેન્સ ચેક કરવા પર તમને પહેલા કરતા થોડો વધુ ખર્ચ થશે.

પહેલા એટીએમમાંથી પૈસા ઉપાડતી વખતે તમારે ૧૭ રૂપિયા ચૂકવવા પડતા હતા, પરંતુ હવે તે ૧૯ રૂપિયા થઈ ગયા છે. બીજી તરફ, પહેલા તમારે બેંકના એટીએમમાંથી બેલેન્સ ચેક કરવા માટે ૬ રૂપિયા ચૂકવવા પડતા હતા, હવે તે ઘટાડીને ૭ રૂપિયા કરવામાં આવ્યા છે.

ટ્રાન્ઝેક્શન ફી અન્ય બેંકોના એટીએમમાંથી જ લેવામાં આવશે. જ્યારે તમે મફત ટ્રાન્ઝેક્શનની મર્યાદા ઓળંગો છો. તમને જણાવી દઈએ કે મેટ્રો શહેરોમાં હોમ બેંક સિવાયની બેંકોના એટીએમમાંથી ફ્રી ટ્રાન્ઝેક્શનની મર્યાદા ૫ છે, જ્યારે નોન-મેટ્રો શહેરોમાં ફ્રી ટ્રાન્ઝેક્શનની મર્યાદા ૩ છે.

આરબીઆઈએ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ગઙઈં) દ્વારા મોકલવામાં આવેલ એટીએમ ફી વધારવાના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે.

# મતદાર યાદી - આધાર લીંકઅપ નહી કરાવનારને ચુંટણી - અધિકારી સમક્ષ હાજર થવું પડશે

## આ મુદો સુપ્રીમમાં જાય તેવી શકયતા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં હવે મતદાર યાદી અને આધારને જોડવા માટેની ચુંટણીપંચે શરૂ કરેલી કવાયતમાં અત્યાર સુધીમાં ૬૬ કરોડ લોકોએ મતદાર યાદી અને આધાર લીંકઅપ કરાયા છે પણ જેઓએ હજું આ પ્રકારે આધાર-લીંકઅપ કરાવ્યા નથી અથવા કરાવવા માંગતા નથી.

તેઓએ શા માટે તેઓ મતદાર યાદી- આધાર લીંકઅપ કરાવવા માંગતા નથી તેનું કારણ આપવા મતદાર યાદી નોંધણી અધિકારી સમક્ષ હાજર થવું પડશે. દેશમાં આધારને એક બાદ એક સેવા સાથે લીંકઅપ કરવામાં આવી રહી છે.

જો કે અગાઉ ચુંટણી પંચે જ સુપ્રીમ કોર્ટમાં ખાતરી આપી હતી કે આધાર-મતદાર યાદી લીંકઅપ ફરજીયાત નહી હોય અને જો મતદાર ઈચ્છે તો તેનો આધાર ડેટા આપશે નહી તો તેના મતદાર તરીકેના સ્ટેટસને અસર થશે નહી. દેશમાં મતદાર યાદીમાં નામોના ડુપ્લીકેશન અને અનેક બોગસ મતદારો નોંધાયા છે.



તેમની ચકાસણી કરવા માટે ચુંટણી પંચે હાલમાંજ મતદાર યાદી અને આધારને લીંકઅપ કરાવવા હવે ઝુંબેશ છેડી છે અને તેનાથી બોગસ આધાર નંબર પણ દુર કરવાનો કેન્દ્ર સરકારનો પ્લાન છે.

હાલમાં જ અનેક રાજયમાં મતદાર યાદી સુધારણા હેઠળ જે રીતે નામોની બાદબાકી, ઉમેરો થયો તે પણ એક વિવાદ બની ગયો હતો અને પંચ હજુ તેના સંતોષકારક જવાબ આપી શકી નથી ત્યાંજ આ મુદો ફરી સુપ્રીમમાં જાય તેવી શકયતા છે.

# સ્પામ કોલ્સની વધતી જતી સંખ્યાને રોકવા કડક નિયમો બનાવાયા

## ટેલીમાર્કેટર્સ સામે 30ને બદલે પાંચ જ દિવસમાં કાર્યવાહી કરવી પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં સ્પામ કોલ્સની વધતી જતી સંખ્યાને રોકવા માટે TRAIએ ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ કન્ઝ્યુમર પ્રેફરન્સ રેગ્યુલેશન ૨૦૧૮માં સુધારો કરવાનો અને વપરાશકર્તાઓને અનસોલિસિટેડ કોમર્શિયલ કોમ્યુનિકેશનથી બચાવવા માટે કડક નિયમો લાદવાનો નિર્ણય લીધો છે.

આ નિયમો ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા, જેને આજે લોકસભામાં સંચાર અને ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુધારેલા નિયમો ૩૦ દિવસની અંદર સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે. જોકે, તેની કેટલીક જોગવાઈઓ ૬૦ દિવસ પછી લાગુ કરવામાં આવશે. નવા સુધારેલા નિયમો લાગુ થાય તે પહેલાં જ ગયા વર્ષે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, TRAI એ ટેલિકોમ કંપનીઓને ગેરકાયદેસર ટેલિમાર્કેટર્સના તમામ સંસાધનોને ડિસ્કનેક્ટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેની મોટી અસર જોવા મળી છે.


ઓગસ્ટ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન સ્પામ કોલ્સની ફરિયાદોમાં મોટો ઘટાડો થયો છે. TRAI ની કડકતાને કારણે ઓગસ્ટમાં ૧,૮૪,૪૧૯ સ્પામ કોલ અને સંદેશાઓની ફરિયાદો મળી હતી, જે જાન્યુઆરીમાં ઘટીને ૧,૩૪,૮૨૧ થઈ ગઈ. આ ઉપરાંત, TRAI એ




૧,૧૫૦ થી વધુ કંપનીઓ અને વ્યક્તિઓને બ્લેકલિસ્ટ કર્યા છે. ઉપરાંત, ૧૮.૮ લાખથી વધુ ટેલિકોમ સંસાધનોના જોડાણ કાપી નાખવામાં આવ્યા છે. ટ્રાઈ દ્વારા સુધારેલા નિયમોમાં લોકોને હવે તેમની ફરિયાદો નોંધાવવા માટે પહેલા કરતાં વધુ સમય મળશે. વપરાશકર્તાઓ હવે સ્પામ કોલ્સ અને મેસેજીસ વિશે ૭ દિવસ સુધી ફરિયાદ કરી શકે છે, જે પહેલા ફક્ત ૩ દિવસ માટે હતું.

# ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક ગઈકાલે 3 કલાક સુધી ડાઉન થયા

■ ફેસબુક યુઝર્સને લોગઈનમાં પરેશાની થઈ



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટેક કંપની મેટાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક ગઈકાલે ભારતમાં સાંજે ૬-30 વાગ્યાથી ૩ કલાક સુધી ડાઉન થઈ ગયા હતા. ડાઉન ડિટેકટરમાં આઉટેજની ફરિયાદોનો મારો ચાલ્યો હતો.

બન્ને સોશિયલ મીડિયાને મેટા રન કરે છે. કંપની તરફથી ડાઉનને લઈને કોઈ નિવેદન નથી આવ્યું. ડાઉન ડિટેકટરના અનુસાર દુનિયાભરમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામમાં અનેક યુઝર્સને વેબ અને એપ બન્ને વર્ઝનો પર એકસેસ કરવા અને ફીડ રિફ્રેશ કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો. એક ઈન્સ્ટાગ્રામ યુઝર્સે જણાવ્યું હતું કે, સ્ટોરીઝ અને પોસ્ટ પર કોમેન્ટસ તો જોવા મળે છે પણ તેને ખોલી નથી શકાતું. અનેક લોકોએ એ પણ ફરીયાદ કરી કે જયારે કોઈ કોમેન્ટ પોસ્ટ કરવામાં આવે છે તો તે ગાયબ થઈ જાય છે.

ઈન્સ્ટાગ્રામ પર ૫૨ ટકા લોકોને એમ કનેકશનને લઈને મુશ્કેલી પડી હતી. ઉલ્લેખનીય છે કે ૪ ઓકટોબર ૨૦૨૧માં ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ ૬ કલાક સુધી પૂરી દુનિયામાં બંધ રહ્યા હતા. જેથી અબજો લોકોને મુશ્કેલી પડી હતી.

# ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ બંધ કરી દેવાનો નિર્ણય

## આ સ્કીમ હેઠળ ૩૧૧૬૪ કિલો સોનુ મેળવ્યુ હતું અને હવે તેના પર પડદો પાડી દેવામાં આવ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે વ્યાપક લોકપ્રિય થયેલી અને રોકાણકારોમાં આકર્ષણ ઉભુ કરનાર ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ બંધ કરી દેવામાં નિર્ણય લીધો છે. આ સ્કીમ હેઠળ ૩૧૧૬૪ કિલો સોનુ મેળવ્યુ હતુ અને હવે તેના પર પડદો પાડી દેવામાં આવ્યો છે.

નાણામંત્રાલય દ્વારા જાહેર કરાયા મુજબ ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ બંધ થશે. જો કે બેંકો ૧થી૩ વર્ષની ટુંકી અવધિની ગોલ્ડ ડિપોઝીટ સ્કીમ ચલાવી શકશે. ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ શરૂ કરવામાં આવી હતી તેનો ઉદેશ સોનાની આયાત પરની નિર્ભરતા ઘટાડવા તથા ઘરોમાં પડેલા સોનાને બહાર કાઢીને દેશના વિકાસના ઉપયોગમાં લેવાનો હતો.

નવેમ્બર ૨૦૨૪ સુધીમાં આ સ્કીમમાં ૩૧૧૬૪ કિલો સોનુ એકત્રીત થયુ હતું. આ સ્કીમ ૧થી૩ વર્ષની શોર્ટ ટર્મ બેંક ડિપોઝીટ, ૫થી૭ વર્ષની મીડીયમ ટર્મ ગવર્નમેન્ટ ડિપોઝીટ તથા ૧૨થી૧૫ વર્ષની લોંગટર્મ ગવર્નમેન્ટ ડીપોઝીટ જેવા ત્રણ સ્વરૂપે હતી.

નાણાંમંત્રાલયના કહેવા પ્રમાણે સ્કીમના શાનદાર પરફોર્મન્સ વચ્ચે માર્કેટની હાલતમાં સુધારો થતા ૨૬ માર્ચથી ગોલ્ડ મોનેટાઈઝેશનની મીડીયમ તથા લોન્ગ ટર્મની સ્કીમ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કે, આ સ્કીમ હેઠળ બેંકો દ્વારા આપવામાં આવતી શોર્ટ ટર્મ બેંક ડિપોઝીટ બેંકો પોતાની વ્યવસાયિક જરૂરિયાતોને આધારે ચાલુ રાખી શકશે. આ મામલે રિઝર્વ બેંકની વિસ્તૃત માર્ગદર્શિકાઓનું પાલન કરવાનું રહેશે.

નાણા મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે ગોલ્ડ મોનેટાઈઝેશનની મીડીયમ અને લોંગ ટર્મ સ્કીમ હેઠળ આજથી કોઈપણ પ્રકારે સોનુ ડિપોઝીટમાં લેવામાં નહીં આવે. જો કે, અગાઉ જમા લેવાયેલા સોના વર્તમાન નિયમનો હેઠળ નિશ્ચિત અવધિ સુધી જમા રહેશે.

આ સ્કીમ હેઠળ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૩૧૧૬૪ કિલો સોનુ એકત્રીત થયુ હતું તેમાંથી ૭૫૦૯



કિલો સોનુ શોર્ટ ટર્મ, ૯૭૨૮ કિલો મીડીયમ ટર્મ તથા ૧૩૯૨૬ કિલો સોનુ લોંગ ટર્મની અવધિમાં એકત્રીત થયુ હતું.

૫૬૯૩ લોકોએ આ સ્કીમનો લાભ મેળવ્યો હતો. ૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૬૩૯૨૦ નિર્ધારિત થઈ હતી. જે ૨૫ માર્ચ ૨૦૨૫ના રોજ વધીને ૯૦૪૫૦ થઈ ગઈ છે.

## મોરબીમાં કર્તવ્ય જીવદયા કેન્દ્ર દ્વારા અબોલ પશુ-પક્ષીઓ માટે પાણીના પાત્રોનું વિનામૂલ્યે વિતરણ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં કર્તવ્ય જીવદયા કેન્દ્ર દ્વારા અબોલ પશુ-પક્ષીઓ માટે પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ પ્રકારના પાત્રોનું વિનામૂલ્યે વિતરણ ૨૬ માર્ચથી શરૂ કરવામાં આવશે. જેમાં પક્ષીઓ માટે માટીના કુંડા, નાના પશુ માટે ૮ અને ૧૫ લીટરની સિમેન્ટની કુંડી તેમજ મોટા પશુ માટે ૨૦૦ લીટરની કુંડીનો સમાવેશ થાય છે. આ પાત્રો મોરબી કર્તવ્ય જીવદયા કેન્દ્ર રવાપર-ઘુનડા રોડથી મફતમાં મેળવી શકશે.



મોરબી કર્તવ્ય જીવદયા કેન્દ્ર દ્વારા અબોલ પશુ-પક્ષીઓ માટે પાણી પીવા માટે વિવિધ પ્રકારના પાત્રોનું વિનામૂલ્યે વિતરણ આવતીકાલથી ચાલુ કરવામાં આવશે, સંસ્થાના સંચાલકોના જણાવ્યા મુજબ, ૨૬ માર્ચ ૨૦૨૫ થી આ અભિયાન શરૂ થઈ રહ્યું છે, જેમાં પક્ષીઓ માટે માટીના કુંડા, નાના પશુઓ માટે ૮ અને ૧૫ લીટરની સિમેન્ટની કુંડી તથા મોટા પશુઓ માટે ૨૦૦ લીટરની સિમેન્ટની કુંડીનું વિતરણ કરવામાં આવશે. આ તમામ પાત્રો વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને તેને કર્તવ્ય જીવદયા કેન્દ્ર રવાપર-ઘુનડા રોડ, માધવ ગૌશાળા પાસે સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૮ સુધી મેળવી શકશે.

સંસ્થા દ્વારા મોરબી શહેર અને આસપાસના તમામ જીવદયા પ્રેમીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ પાત્રો મેળવી પાણીની વ્યવસ્થા કરે અને આ મેસેજ વધુને વધુ લોકો સુધી પહોંચાડે, જેથી વધુમાં વધુ અબોલ જીવોને રાહત મળી શકે.

## નવનિયુકત હોમગાર્ડ ઓફિસરે ચાર્જ સંભાળ્યો





જામનગર જિલ્લા હોમગાર્ડઝમાં તાજેતરમાં નવનિયુક્ત ઓફિસરો પ્રદ્યુમનસિંહ ગોહિલ.યોગેશ જોશી.જીગ્રેશ ચૌહાણ. ચિરાગ મકવાણા અને સુહિત મેતાની પિપિંઈંગ શેરેમનિ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટના નેતૃત્વ હેઠળ જિલ્લા હોમગાર્ડઝ કચેરી ખાતે યોજવામાં આવી હતી.જેમાં નવી રેન્ક ધારણ કરેલ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને અધિકારીઓની જવાબદારીઓ વિષે જિલ્લા કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ દરેક હોમગાર્ડઝ સભ્યોને શિસ્ત અને અનુશાસનનો ચુસ્તપણે અમલ કરવા સુચનો કર્યા હતા. આ ઉપરાંત આજે શહિદ દિવસ હોવાથી દેશ માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર શહિદો માટે બે મિનિટનું મૌન ધારણ કરીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.આ તકે જિલ્લાના તમામ યુનિટના ઓફિસર કમાન્ડિંગ.સ્ટાફ ઓફિસરો.વહિવટી સ્ટાફ અને બહોળી સંખ્યામાં હોમગાર્ડઝ સભ્યો હાજર રહ્યા હતા.

## રણજીતસાગર ડેમમાંથી ગેરકાયદે માછીમારીનું કારસ્તાન ઝડપાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકા હસ્તકના રણજીત સાગર ડેમમાં ગેરકાયદે રીતે માછીમારી કરવામાં આવતી હોવાનું મહાનગરપાલિકાની સિક્યુરિટી વિભાગની ટીમને ધ્યાનમાં આવ્યું હતું, અને ફાયર વિભાગની ટીમને સાથે રાખીને પાણીમાંથી મસ મોટી માછીમારી ઝાળ પકડી પાડી છે, અને તેમાં ફસાયેલા માછલાંઓને પાણીમાં મુક્ત કરી દઈ, માછીમારી ઝાળ કબજે કરી લેવાઈ છે. જે એટલી મોટી હતી કે તેના ચાર ટુકડા કરીને જ ફેરામાં જામનગર પહોંચાડવામાં આવી હતી.જામનગર મહાનગરપાલિકા હતકના રંજીતસાગર ડેમમાં રાત્રિના અંધારામાં કેટલાક શખ્સો દ્વારા ગેરકાયદે રીતે માછીમારી કરવામાં આવે છે, તેવી માહિતી જામનગર મહાનગર પાલિકા ના સિક્યુરિટી વિભાગના અધિકારી સુનિલ ભાનુશાળીને મળી હતી.જેથી તેઓ પોતાની ટીમ સાથે રણજીત સાગર ડેમ પર પહોંચ્યા હતા. તેઓએ ફાયર બ્રિગેડની ટીમની મદદ લીધી હતી. ફાયર શાખાના જવાનો રેસ્ક્યુ બોટ સાથે રણજીત સાગર ડેમ પર આવી પહોંચ્યા હતા, અને ડેમના પાણીની અંદર જઈને ચકાસણી કરતા અંદર બિછાવેલી માછી મારી જાળ મળી આવી હતી. આશરે બે કિલોમીટર જેટલી લંબાઈની માછીમારી જાળ કે જે પાણી અંદર આવેલી હતી, અને તેમાં અનેક માછલાઓ ફસાયેલા આવ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું,

જેથી મહાનગરપાલિકાની સિક્યુરિટી વિભાગની ટીમ તથા ફાયર શાખાની ટુકડીએ માછીમારી ઝાડ કે જેના અલગ અલગ ચાર ટુકડા કરી નાખ્યા હતા, અને તેમાં ફસાયેલી માછલીઓને એક પછી એક બહાર કાઢી ખાલી પછી મારી જાન ને પાણીમાંથી બહાર કાઢીને કબજે કરી લેવામાં આવી



હતી. જે ચાર ટુકડાઓને અલગ અલગ ચાર ફેરામાં જામનગર મહાનગર નગરપાલિકાની કચેરીમાં પહોંચાડવામાં આવ્યા છે, અને જમા કરાવી દેવાયા છે.જે માછીમારી ઝાળ કોના દ્વારા બિછાવામાં આવી, આ ગેરકાયદે માછીમારી કરવાના કારસ્તાનમાં કોણ કોણ સંડોવાયેલું છે, તે જાણવા માટે મહાનગરપાલિકાની ટીમ ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે.

## જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે મેન્ટરશીપ પ્રોગામ અંતર્ગત તબીબી વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ લવાયું





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ એ સૌરાષ્ટ્રમાં પ્રથમ જ્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમ ધરાવતી સંસ્થા છે.જ્યાં મહત્તમ અન્ડર ગ્રેજ્યુએટ એટલે કે એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાંથી ૫૦% જેટલા વિદ્યાર્થીઓ ગુજરાત બહારના પ્રાંતમાંથી આવે છે. તે જ રીતે ગુરૂ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલ પણ ૩ થી ૪ જિલ્લાઓના દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડે છે.જેથી તબીબી વિદ્યાર્થીઓ એવા અનુસ્નાતક અને સ્નાતકો પર કામનું ભારણ ખૂબ રહે છે.આવા સંજોગોમાં વિદ્યાર્થીઓનું શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે સંસ્થા દ્વારા અલગ અલગ પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. જેમાં તબીબી વિદ્યાર્થીઓનું શારીરિક સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે ઘણા લાંબા સમયથી ડો.એસ.એસ.ચેટરજી, પ્રાધ્યાપક મેડિસિન વિભાગ અને એડિશનલ ડીન તેમજ ડો.ભુપેન્દ્ર ગોસ્વામી, સહપ્રધ્યાપક મેડિસિન વિભાગ આ દિશામાં કામગીરી કરી રહ્યા છે.ઉપરાંત વિદ્યાર્થીઓની માનસિક સ્વસ્થતા માટે પણ સંસ્થા ખાતે વારંવાર વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે.જેના ભાગરૂપે.તમામ પ્રાધ્યાપકોની હાજરીમાં પ્રથમ વર્ષના ૨૫૦ જેટલા એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને માટે મેન્ટરશિપનો હેન્ડસ હોલ્ડિંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને તેમના મેન્ટર સાથે મેળવી અને તેમના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. આ પ્રોગ્રામ દરમિયાન વિદ્યાર્થીઓ તરફથી જે નાના-મોટા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા તેનું નિરીક્ષણ અને પરીક્ષણ કરી તે તકલીફોને દૂર કરવાના સમર્થ પ્રયત્નો કરી તે તમામ પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.

## જામનગર સમર્પણ સર્કલ નજીક બાલમુકુંદ સોસાયટીમાં હાથફેરો કરનાર શખ્સ ઝબ્બે

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં થોડા દિવસ અગાઉ સમર્પણ સર્કલ નજીક બાલમુકુંદ સોસાયટીમાં એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને અંદરથી રૂપિયા ૧,૬૩,૯૦૦ ની કિંમતના સોના ચાંદીના દાગીના વગેરેની તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા, જે ચોરીનો ભેદ ઉકેલવામાં સીટી સી ડિવિઝન પોલીસને સફળતા સાંપડી છે, અને એક તસ્કરની અટકાયત કરી લઈ રૂપિયા ૪.૨૯ લાખની કિંમતના સોના ચાંદીના ચોરાઉ દાગીના કબજે કરી લીધા છે, તેમજ એક રીક્ષા પણ કબજે કરવામાં આવી છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં સમર્પણ સર્કલ નજીક બાલમુકુંદ નગરમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા રણછોડભાઈ ગત તા.૧૯-૩-૨૦૨૫ તથી તા.૨૨-૩-૨૦૨૫ ના સમયગાળામાં તેના વતનમા ગયેલ હતા તે સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે દરવાજો તોડી વાળીને ઘરમા પ્રવેશ કરી ઘરમા રાખેલ રૂા.૧,૬૩,૯૦૦ ની કિંમતના સોના-ચાંદીના ઘરેણાં ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના અનુસંધાને સિટી સી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જે.જે.ચાવડાની સુચનાના પગલે સર્વેલન્સ સ્કવોડના પીએસઆઇ વી.બી.બરબસિયા તથા સ્ટાફે રહેણાક મકાનથી થોડે દુર આવેલી અલગ અલગ દુકાનો વગેરેના સીસીટીવી કેમેરાની મદદથી તસ્કરોને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી હતી.દરમિયાન સ્ટાફના હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ જાડેજા, ખીમશીભાઈ ઠાંગર અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ જાડેજાને બાતમી મળી હતી કે આ ચોરીને અંજાર આપનાર શખ્સ શહેરના દિગ્જામ સર્કલ





જૂના ઓવરબ્રિજ નીચે હાજર છે. આ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે ઓવરબ્રિજ નીચેથી મૂળ ભાવનગરના વતની અને હાલ જામનગરમાં રહેતા ચોથાભાઈ પુંજાભાઈ પરમાર નામના એક શખ્સની અટકાયત હતી અને તેની પાસેથી રૂપિયા ૪,૨૯,૧૦૦ ની કિંમતના સોના ચાંદીના દાગીના કબ્જે કર્યા હતાં ઉપરાંત તેની પાસેથી એક લાખ રૂપિયાની કિંમતની એક રીક્ષા પણ કબજે કરી કુલ રૂા.૫,૨૯,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ કાર્યવાહી પીઆઇ જે.જે.ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.બી.બરબસિયા તથા સ્ટાફના હેડ કોન્ટેબલ યશપાલસિંહ જાડેજા, ખીમશીભાઈ ડાંગર, મહેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદિપસિંહ જાડેજા, ફૈઝલભાઈ ચાવડા તથા પોલીસ કોન્સ્ટેબલ શિવભદ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, હોમદેવસિંહ જાડેજા, વનરાજસિંહ ખવડ, હર્ષદભાઈ પરમાર, મયુરસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, જયદિપસિંહ જાડેજા, દિલીપીસંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

## વાંકાનેરમાં છ વર્ષથી નાસતા ફરતા લૂંટના આરોપીની મહારાષ્ટ્રમાંથી ધરપકડ

**મુખ્ય સમાચાર,મોરબી**



વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ૨૦૧૯માં નોંધાયેલ લૂટના ગુનામાં નાસતો ફરતો આરોપીને વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા મહારાષ્ટ્રના નાગપુર શહેરમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. ત્યારે પોલીસે આરોપીને હસ્તગત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના નાસતા આરોપીઓની ધરપકડ માટે ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત વાંકાનેર સીટી પોલીસની સર્વેલન્સ ટીમને ટેક્નિકલ અને હ્યુમન સોર્સ દ્વારા માહિતી મળી કે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનનમાં ૨૦૧૯ના વર્ષમાં નોંધાયેલા લૂટના ગુનામાં નાસતો ફરતો આરોપી નિતેષ બ્રીજલાલ શુકલા રહે.આશાપુર-નેવાડી, થાણા જેઠવાર, જી. પ્રતાપગઢ, ઉત્તર પ્રદેશ વાળો હાલ નાગપુર, મહારાષ્ટ્રમાં છે. ત્યારે બકનેટ સીટી પોલીસ પીઆઈ એચ.એ. જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડિટી પોલીસ મથકની સર્વેલન્સ ટીમ મહારાષ્ટ્રના નાગપુર ખાતે તપાસ અર્થે પહોચતા, જ્યાં ઉપરોક્ત આરોપી નિતેષ બ્રીજલાલ શુકલા મળી આવતા તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં પુષ્કર સોસાયટીના મકાનમાંથી ૧૧૪ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં પુષ્કર સોસાયટીમાં એક મકાનમાંથી ૧૧૪ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો છે. પોલીસે કાર સહિતના મુદ્દામાલ સાથે જામનગર તાલુકાના લાવડીયા ગામમાં રહેતા બે દારૂના ધંધાર્થીઓને દબોચી લીધા છે. આરોપીઓએ જામનગર શહેરના રણજીત સાગર રોડ પર પુષ્કર સોસાયટીમાં એક મકાનના ઈંગ્લિશ દારૂ નો જથ્થો ઉતાર્યો તેવી બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી.આ અંગેની વિગત એવી છે કે જામનગરમાં કાર મારફતે ગોવા થી દારૂ આયાત કરીને તેને ઉતારવાની પરવી કરી રહ્યા છે.

જે બાતમીના આધારે એલસીબીએ દરોડો પાડયો હતો. આ દરમિયાન જામનગર શહેરમાં રણજીત સાગર રોડ, પુષ્કર સોસાયટી શેરી નંબર-૮ મા તપાસ કરતા મકાનમાં ઉતારવામાં આવેલો ૧૧૪ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે ઈંગ્લિશ દારૂ, મોબાઈલ ફોન તથા એક કાર સહિત ૫,૫૫,૬૦૦ ની માલમતા



કબજે કરી છે.જયારે ઉપેન્દ્રભાઈ રમેશભાઈ ચાંદ્રા રહે. પુષ્કર સોસાયટી, શેરી નંબર-૮. જામનગર મુળ-લાવડીયા તા.જી.જામનગર, સંજયભાઈ કાંતીભાઈ ભદ્રા રહે. પટેલપાર્ક, શેરી નંબર-૧૨, જામનગર મુળ- લાવડીયા તા.જી.જામનગર) તેઓની પૂછપરછ દરમિયાન દારૂ ગોવાના વતની સંજુભાઈ નામના શખ્સ મારફતે મેળવ્યો હોવાથી તેને ફરારી જાહેર કરાયો છે, અને તપાસનો દૂર ગોવા સુધી લંબાવાયો છે.આ કાર્યવાહી પીઆઈ વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઈ પી.એન.મોરી તથા સી.એમ.કાટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઈ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમ બ્લોચ, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામભાઈ ડેરવાળીયા, ભરતભાઈ ડાંગર, કિશોરભાઈ પરમાર, સુમીતભાઈ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઈ માલકીયા, દયારામ ત્રિવેદી, બીજલભાઈ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર દ્વારા કરવામાં આવી હતી.

## હળવદના રાણેકપર ગામે ગુંડાતત્વોએ કરેલ સરકારી જમીન ઉપરનું દબાણ હટાવાયું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સુચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડાના માર્ગદર્શન મુજબ હળવદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી. બુટલેગર અને અસામાજિક તત્વો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવેલ છે

જેમાં હળવદની હદ વિસ્તારમાં રાણેકપર ગામ ખાતે બે આરોપી ઈસમો કે જેની વિરુધ્ધમાં ઈંગ્લીશ તથા દેશી દારૂના અને મારામારીના ગંભીર પ્રકારના ગુન્હાઓ દાખલ થયેલ છે. ઉપરોક્ત બંને ઈસમોએ હળવદ નગરપાલિકા હેઠળની સરકારી જમીનમાં ગેર કાયદેસર રીતે દુકાનો બનાવેલ જે દુકાનો ખાલી કરાવી તે સ્થળે ડીમોલિશન કરી અંદાજે ૪૫૦ ચોરસ વાર સરકારી જમીન ખાલી કરાવી છે.

હળવદ પોલીસ મથકના પીઆઇ આર.ટી.વ્યાસની



આગેવાની હેઠળ હળવદ પોલીસ વિસ્તારમાં અસામાજીક તત્વો ઉપર તવાઈ યથાવત રાખી દારૂ અને મારામારીના ગુનાઓમાં સંડોવાયેલ બે આરોપીઓ નવઘણ ગણેશભાઈ ઉદેચા તથા રાજુ નવઘણભાઈ ઉદેચા રહે.બંને રાણેકપર તા.હળવદ વાળાએ સરકારી જમીન આશરે ૪૫૦ ચોરસ વાર જેની જંત્રી મુજબ કિંમત અંદાજે ૭૨,૩૧૪/- થતી હોય તેમા દબાણ કરી પાકી દુકાનો-૪ બનાવેલ હોય જે બાબતે પ્રાથમિક તપાસ કરતા આ જમીન સરકારી હોય જે ખાલી કરાવવા મામલતદાર મારફત નોટીસ ઈશ્યૂ કરાવતા, બંને ઈસમોએ જાતેથી સરકારી જમીન પર બનાવેલ દુકાનો હટાવી ખાલી કરી આપેલ હોય જે જગ્યાએ મામલતદાર હળવદની હાજરીમાં ડિમોલીશન કરવામાં આવી સરકારી જમીન ખુલ્લી કરાવી છે.

## હળવદના નવા ટીકર ગામે આરોગ્ય વિભાગ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પમાં ૪૫ યુનિટ બ્લડ એકત્ર




મોરબી ડીડીઓ જે.એસ. પ્રજાપતિ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ, તાલુકા હેલ્થ કચેરી હળવદ, ત્રઅઊછ્જ મેડિકલ કોલેજ મોરબી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીકરના સહયોગથી નવા ટીકર ગામે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૫ યુનિટ બ્લડ એકત્રિત થયું હતું. મોરબી જીલ્લામાં આરોગ્ય સેવા વધારવા અને સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ લાવવા માટે નવા ટીકર ગામે આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીડીઓ જે.એસ. પ્રજાપતિ અને જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કેમ્પમાં તાલુકા હેલ્થ કચેરી હળવદ, GMERS મેડિકલ કોલેજ મોરબી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીકરે મહત્વની ભૂમિકા નિભાવી હતી. આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે જીલ્લા પંચાયત સદસ્ય ધર્મેન્દ્રભાઈ એરવાડિયા, જીલ્લા RCHO ડો. સંજય સાહ, ઝઇંઘ ડો. ચિંતન દોશી, હળવદ તાલુકા ભાજપ પ્રમુખ ભરતભાઈ કણઝારીયા, ટીકર ગ્રામ પંચાયતના સરપંચ દિલીપભાઈ એરાવાડિયા, તેમજ અન્ય ગ્રામ્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાનના મહત્ત્વ પર પ્રકાશ નાખ્યો અને લોકોને બહોળી સંખ્યામાં આ મહાન સેવાકીય કાર્યમાં જોડાવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ટીકર ગામ અને આજુબાજુના ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા અને કુલ ૪૫ યુનિટ બ્લડનું કલેક્શન કરવામાં આવ્યું. આ કેમ્પને સફળ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીકરના મેડિકલ ઓફિસર ડો. પરેશ પટેલ, આયુષ મેડિકલ ઓફિસર પિયુષ રાવલ, TMPHS લાલજીભાઈ અને આરોગ્ય સ્ટાફના તમામ સભ્યોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## મોરબી પત્રકાર અતુલ જોશી વિરુદ્ધ ષડયંત્ર? SIT દ્વારા તટસ્થ તપાસની માંગ

### મોરબી પત્રકાર એસોસિએશન દ્વારા જીલ્લા કલેક્ટર અને એસપીથી લઈ રાષ્ટ્રપતિ સુધી લેખિત રજૂઆત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી પત્રકાર અતુલ જોશીને જમીન કૌભાંડમાં ખોટી રીતે ફસાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું મોરબી પત્રકાર એસોસિએશન દ્વારા આક્ષેપ સાથે જીલ્લા કલેક્ટર અને એસપી સમક્ષ રજૂઆત કરી જંઈઝ દ્વારા તટસ્થ તપાસની માંગ ઉઠાવવામાં આવી છે. મોરબી પત્રકાર અતુલ જોશી વિરુદ્ધ પૂરાવા વગરની બદનક્ષી અભિયાન ચલાવવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ સાથે મોરબી પત્રકાર એસોસિએશન દ્વારા રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કેન્દ્રીય ગૃહમંત્રી, મુખ્યમંત્રી, રાજ્ય ગૃહમંત્રી, ડીજીપી સહિતના ઉચ્ચ અધિકારીઓને પત્ર લખી, મોરબીના જીલ્લા કલેક્ટર અને એસપી સમક્ષ રૂબરૂ મળીને લેખિત રજૂઆત કરી છે. રજુઆતમાં જણાવાયું હતું કે ૨૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ ધારાસભ્યો, રાજકીય આગેવાનો અને વિવિધ પત્રકારો હાજર રહ્યા ત્યારે કથિત જમીન કૌભાંડના અરજદારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી, ત્યારે આ રજૂઆત મોરબીના તમામ મીડિયાએ પ્રસિદ્ધ કરી હતી. પરંતુ તેમાં સિનિયર પત્રકાર અતુલ જોશીનું નામ ઉછાળીને, પૂર્વગ્રહપૂર્વક તેમને ફસાવવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કરાયો છે. મોરબી પત્રકાર એસોસિએશનના જણાવ્યા મુજબ, જો કોઈને પત્રકાર દ્વારા પ્રકાશિત સમાચારોને લઈને મનદુઃખ થયું હોય, તો તેની વ્યક્તિગત શત્રુતા પત્રકાર પર ખોટા આરોપ મૂકી કાઢવામાં આવી રહી છે. કેટલાક માધ્યમો દ્વારા પણ પાયા વિહોણી વિગતો પ્રસિદ્ધ કરીને પત્રકારની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો છે. આ તમામ બાબતોની તટસ્થ તપાસ કરવા માટે પત્રકાર એસોસિએશને જીલ્લા કલેક્ટર અને એસપી સમક્ષ જંઈઝની રચનાની



માગ ઉઠાવી છે. એસોસિએશનના મતે, અતુલ જોષી પત્રકારત્વનો અભ્યાસ કરેલા છે અને કાયદાની મર્યાદાઓ સારી રીતે જાણે છે, તેથી તેમના વિરુદ્ધ ચાલી રહેલા આ અભિયાનની ઊંડાણપૂર્વક તપાસ કરવી જરૂરી છે. એસોસિએશન દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે જંઈઝ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને જો કોઈ ષડયંત્ર કરવામાં આવી રહ્યું હોય, તો જવાબદાર લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે. આ તકે મોરબી પત્રકાર એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી, ઉપપ્રમુખ રવિભાઈ ભડાણિયા, મહામંત્રી પંકજભાઈ સનારીયા, અતુલભાઈ જોશી, ઋષિભાઈ મહેતા, અલ્પેશભાઈ ગોસ્વામી, દેવભાઈ સનારીયા, રાકેશભાઈ પંડ્યા, ભાસ્કરભાઈ જોશી સહિતના પત્રકારોએ હાજરી આપી અને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

## મોરબીમાં અટલ સ્વાન્ત સુખાયઃ યોજના અંતર્ગત ગર્ભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

અટલ સ્વાન્તઃ સુખાય યોજના અંતર્ગત ગર્ભ સંસ્કાર એટલે આવનાર બાળકના ગુણોને પાયામાંથી શીખ આપવી. આપણા શાસ્ત્રોમાં ૧૬ સંસ્કારની વાત કરવામાં આવી છે. તેમાનો એક સંસ્કાર એટલે ગર્ભ સંસ્કાર મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિનાં માર્ગદર્શન અંતર્ગત અટલ સ્વાન્તઃ સુખાય યોજના અંતર્ગત પ્રોજેક્ટ અભિમન્યુ શરુ કરવામાં આવ્યો છે.



મોરબીમાં તા.૨૫ માર્ચ ૨૦૨૫ ના રોજ મોરબી ઘટક-૧ દ્વારા ગાયત્રી પ્રેરણા મંદિર મોરબી ખાતે ગર્ભ સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે કાર્યક્રમ અનુસંધાને ગર્ભ સંસ્કાર વિધિમાં ૪૦ સગર્ભા બહેનોએ ભાગ લીધો હતો. મોરબી ઘટક-૨ દ્વારા ગાયત્રી ચેતના કેન્દ્ર મોરબી ખાતે ગર્ભ સંસ્કાર માટે બીજા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમ અન્વયે ગર્ભ સંસ્કાર વિધિમાં ૪૦ સગર્ભા બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે જીલ્લા વિકાસ અધિકારીએ સગર્ભા મહિલાઓને ગર્ભ સંસ્કાર બાબતે અમુલ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જીલ્લા પ્રોગ્રામ ઓફિસર તેમજ આઈ.સી.ડી.એસના તમામ સ્ટાફ ઉપસ્થિત રહી સગર્ભા બહેનોને પોષણ અને આરોગ્ય બાબતે સૂચનો આપ્યા હતા. કાર્યક્રમમાં સર્ગભા બહેનોને દાતા દ્વારા પૌષ્ટિક કીટ ( સુખડી, કીવી, ખજુર,દાળિયા)નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# કલેક્ટરનું ફરી બૂલડોઝર ધણધણ્યું: રૈયાધારમાં ૮૦ કરોડની જમીન ખૂલ્લી: ૩૫ કાચા-પાકા મકાનો સાફ

## અનેક વખત નોટીસો છતાં જમીન ખાલી નહિ કરતા આખરે સવારથી ઓપરેશન હાથ ધરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

છેલ્લા એક વર્ષમાં ૫૦૦ કરોડથી વધુ સરકારી જમીન ખૂલ્લી કરાવનાર કલેકટર પ્રભવ જોષીનું આજે બુલડોઝર ફરી વળ્યું હતું.

રાજકોટ શહેરના રૈયા ગામના સ્માર્ટ સિટી નજીક છેલ્લા કેટલાય સમયથી સરકારે જમીન પર બિનઅધિકૃત દબાણો કરવામાં આવ્યા હતા કલેકટરની સૂચના બાદ પદ્ઘમિ મામલતદાર શ્રી અજીત જોષીએ દબાણોને ધ્યાને લઈ બે થી ત્રણ જેટલી નોટિસો ફટકાર્યા છતાં પણ દબાણો દૂર ન કરતા આજે સવારથી જ પદ્ઘમિ મામલતદાર અજીત જોષીની ટીમ દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કરોડો રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. કુલ ૮૦ કરોડની જમીન ઉપરથી દબાણ દૂર કરાયું હતું, કોર્પોરેશનના ગાર્બેજ સેન્ટરની પાછળ આ જમીન આવેલી છે.

રાજકોટ શહેરના રૈયા સર્વે નંબર ૩૧૮ આશરે ૧૬૦૦૦ ચોરસ મીટર જમીન પર આવેલ આશરે ૩૦ થી ૩૫ જેટલા કાચા પાકા ઝૂપડા અને મકાનોનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું, માર્કેટ વેલ્યુ પ્રમાણે ૧૬૦૦૦ ચોરસ મીટર જમીનની અંદાજિત કિંમત ૮૦ કરોડ વધુ થવા જાય છે, જે જમીન આજે ખુલ્લી કરવામાં આવી હતી. મામલતદાર પદ્ઘમિ અજિત જોષી, સર્કલ ઓફિસર પાદરીયા તેમજ તલાટી મંત્રી, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ચૌધરી તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આજે દબાણો દૂર કરવામાં આવ્યા હતા, વીજ કનેકશનો પણ કાપી નખાયા હતા.

પદ્ઘમિ મામલતદારે જણાવ્યું હતું કે અજીત જોષીએ જણાવ્યું હતું કે દબાણ દૂર કર્યા બાદ હવે આગામી સમય ફરી એક વખત કોઈ દબાણ ન કરે તેમના માટે ખુલી કરાયેલી જમીન પર ફેન્સીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવશે, તેમજ આ ઓપરેશન અંગે કલેકટરને રીપોર્ટ કરી



દેવાયો છે, અહિં ઘણા લાંબા સમયથી દબાણ હતું, મોટા ભાગના ભરવાડ તથા દેવીપૂજક સમાજના લોકો રહેતા હતા.

# સમગ્ર રાજ્યમાં ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન શરૂ કરાશે: રાજ્ય સરકારનો માસ્ટર પ્લાન તૈયાર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ આગામી ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં અમલી બનાવવાની કામગીરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના તમામ નાગરિકોને એક જ ફોન નંબર પર તમામ ઈમરજન્સી સેવાઓ મળી રહે તેના માટે વર્ષ ૨૦૧૯ માં ૧૧૨ ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો હતો. ૧૧૨ નંબરના માધ્યમથી સ્વાસ્થ્ય અને પરિવાર, પોલીસ, આગ, મહિલા અને બાળ વિકાસ અને રેવન્યુ-આપદા વ્યવસ્થાપન વિભાગના સ્વતંત્ર ટોલ-ફ્રી નંબરને જાહેર કર્યો હતો.

પ્રાથમિક તબક્કામાં આ કામગીરી રાજ્યમાં અત્યારે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, મોરબી, છોટાઉદેપુર, બોટાદ, અરવલ્લી અને મહિસાગરમાં શરૂ છે, જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ આગામી ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં અમલી બનાવવાની કામગીરી ચાલી રહી છે.

આ સેવાનો વ્યાપ સમગ્ર રાજ્યમાં મળી રહે તેના માટે એકીકૃત કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર તેમજ આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી અત્યારે કરવામાં આવી રહી છે. આ સેન્ટરમાંથી તમામ જિલ્લાઓમાં ઈમરજન્સી રિસ્પોન્સની કામગીરીનું રિયલ ટાઈમ મોનિટરિંગ થઈ શકશે. જિલ્લા કક્ષાએ પણ આ સેવાઓનું



મોનીટરીંગ સ્વતંત્ર રીતે કરી શકાશે. ડિજિટલ ટેક્નોલોજીનો વ્યાપ વધારીને આ સેવાને વધુ પ્રભાવી બનાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.

જિલ્લામાં છેવાડા સુધી લોકોને ત્વરિત ઈમરજન્સી રિસ્પોન્સ મળી રહે તેના માટે નવી ૫૦૦ જનરક્ષક પીસીઆર વાન ફાળવવામાં આવશે.

# ડ્રગ્સના દુષણને રોકવામાં નિષ્ફળ રહેલા ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરવાની આમ આદમી પાર્ટીએ માંગણી કરી

## છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના બંદરો પરથી સૌથી વધારે રૂા.૭,૩૫૦ કરોડનું ડ્રગ્સ પકડાયું: આપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આમ આદમી પાર્ટીએ ગુજરાતના તમામ જિલ્લાઓના કલેકટરના માધ્યમથી ડ્રગ્સના દુષણને રોકવામાં સદંતર નિષ્ફળ રહેલા ગૃહ મંત્રીને પદભ્રષ્ટ કરવાની માંગણી સાથે મુખ્યમંત્રીની આવેદનપત્ર મોકલ્યું. આ આયોજનપત્રમાં આમ આદમી પાર્ટી એ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી ડ્રગ્સનો કારોબાર ખૂબ જ વધી ગયો છે અને યુવાધન બરબાદી તરફ ધકેલાઈ રહ્યું છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ધારાસભ્ય ઉમેશ મકવાણાએ અગાઉ પણ અનેકવાર વિધાનસભામાં ડ્રગ્સ મુદ્દે સરકારને સવાલ કર્યા હતા. જેમ કે બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ સવાલ કર્યો હતો કે અદાણી મુન્દ્રા પોર્ટ પર વર્ષ ૨૦૨૧માં પકડાયેલ ₹૨૦,૦૦૦ કરોડના ડ્રગ્સને શું નાશ કરવામાં આવ્યો અને નાશ કરવામાં આવ્યો તો ક્યાં અને કોની સામે નાશ કરવામાં આવ્યો, તો તેનો કોઈ જવાબ સરકાર પાસે હતો નહીં. આ સિવાય પણ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના બંદરો પરથી સૌથી વધારે ₹૭,૩૫૦ કરોડનું ડ્રગ્સ પકડાયું છે. બીજી બાજુ ભરૂચ અંકલેશ્વર સુરતની જીઆઈડીસીઓમાં અનેકવાર ડ્રગ્સ બનાવતી કંપનીઓ ઝડપાઈ છે અને ડ્રગ્સ બનાવતી કંપની થોડા સમય બાદ ફરીથી ચાલુ થઈ ગઈ છે. તો ક્યાંક ને ક્યાંક આ ઘટનામાં પોલીસ સરકાર અને ડ્રગ્સ માફિયાની મિલીભગત છે તેવી શંકા ધારાસભ્ય ચૈતર વસાવા વ્યક્ત કરી ચૂક્યા છે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ અવારનવાર આ જીઆઈડીસીઓમાં ચાલતા ડ્રગ્સના કારોબારને રોકવા માટે અરજી કરી અને પોલીસ વડાને પોલીસ કર્મચારીઓના ૩૫ જેટલા વિડીયો પણ આપ્યા, જેમાં તેઓ દારૂના વેપારીઓ પાસે હપ્તો લેવા જાય છે. આવા પુરાવા આપ્યા હોવા છતાં પણ આજ સુધી કોઈ પોલીસ અધિકારી કે દારૂના વેપારી પર કાર્યવાહી કરવામાં આવી નથી. ડ્રગ્સના કેસમાં પણ હંમેશા નાની માછલીઓને પકડવામાં આવે છે પરંતુ કોઈ મોટી માછલીઓને પકડવામાં આવતી નથી, જેના કારણે ડ્રગ્સનો વેપાર દિવસેને દિવસે વધી રહ્યો છે. આ તમામ ઘટનાઓ સરકાર અને પોલીસની સામે ઘટી રહી છે તેમ છતાં પણ તેઓ કોઈ કાર્યવાહી કરવા માંગતા નથી, જેના કારણે અમને શંકા છે કે ક્યાંક ને ક્યાંક ડ્રગ્સ માફિયાઓ ગાંધીનગરના કમલમ સુધી પોતાનો હપ્તો પહોંચાડતા હશે. તો અમારી માંગ છે કે જો ગુજરાતના યુવાધનને અને ગુજરાત રાજ્યને બચાવવું હોય તો તાત્કાલિક ડ્રગ્સ માફિયાઓને તોડી પાડવામાં આવે, તેમના વરઘોડા કાઢવામાં આવે અને તેમની સંપત્તિઓ પર બુલડોઝર ચલાવવામાં આવે. જો ડ્રગ્સ અને દારૂના કારોબાર વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવે તો ગુજરાતના યુવાધન બચાવી શકાય તેમ છે માટે અમારી વિનંતી છે કે તાત્કાલિક ધોરણે તમામ નાનાથી મોટા સ્તરે કામ કરતા ડ્રગ્સ માફિયા વિરુદ્ધ પગલાં લેવામાં આવે અને ડ્રગ્સના દૂષણને રોકવામાં સદંતર નિષ્ફળ રહેલા ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરીને ગુજરાતની જનતાને ડ્રગ્સથી મુક્તિ અપાવવામાં આવે.

# રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળની દુકાનોમાં ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખા ઉપલબ્ધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખા અંગે લોકોમાં જાગૃતિ આવે તે હેતુસર રાજકોટ કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા પુરવઠા શાખા દ્વારા બેઠક યોજાઈ હતી.

આ બેઠકનો મુખ્ય હેતુ દર માસે સરકાર દ્વારા અપાતા ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખા અંગે જાણકારી આપવાનો હતો.

લોકોમાં કુપોષણ અને એનેમિયા જેવા રોગોના નિવારણ અર્થે સરકારે અમલી બનાવેલા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (ગઋજીઅ) હેઠળ તમામ લાભાર્થીઓને વાજબી ભાવની દુકાનો દ્વારા કરાતી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આ જથ્થો આપવામાં આવે છે.

કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા અધિકારીના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેરમાં આવેલ વાજબી ભાવના દુકાનદારો સાથે લાભાર્થીઓમાં ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખા બાબતે ગેર માન્યતા દુર થાય, તેના લાભોથી લાભાર્થીઓ પરિચિત થાય અને લાભાર્થીઓમાં જાગતતા લાવવા માટે ફૂડ ન્યુટ્રીશનના ડીવીઝનલ કો-ઓર્ડીનેટર વિપુલ ઠાકરને સાથે રાખી ડબલ ફોર્ટીફાઈડ મીઠાંમાં આયોડિન અને આયર્ન તેમજ ફોર્ટીફાઈડ ચોખામાં આયર્નની હાજરી તપાસવામાં આવી હતી. ઉપરાંત, દૈનિક જીવનમાં ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખાના વપરાશથી થતા ફાયદાઓ અંગે તમામ વાજબી ભાવના દુકાનદારોને માહિતગાર કરી તાલીમ આપવામાં આવી હતી. જેથી લાભાર્થીઓમાં પણ જાગૃતિ આવે. ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાથી



થતા લાભો છેવાડાના માનવી/લોકો સુધી પહોંચે અને લોકો સંપૂર્ણ પોષણ, સ્વસ્થ જીવન જીવી શકે તથા ગુજરાત સરકારશ્રીનું નસ્રસુપોષિત ગુજરાતસ્રસ્ર અભિયાન સિદ્ધ તેમ જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી કે.વંગવાણી અને તેમની ટીમ દ્વારા અથાગ પ્રયાસ કરવામાં આવે છે. આ બેઠકમાં બહોળી સંખ્યામાં વાજબી ભાવના દુકાનદારો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ-કોઈમ્બતુર ટ્રેનમાં ૨૫ મેથી LHB કોચ જોડાશે, યાત્રિકોને મળશે આરામદાયક અને સુરક્ષિત મુસાફરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ પૂરો પાડવા માટે રેલવેએ રાજકોટ-કોઈમ્બતુર અને કોઈમ્બતુર-રાજકોટ ટ્રેનોમાં પરંપરાગત રેકને અત્યાધુનિક LHB રેકથી બદલવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નંબર ૧૬૬૧૩/૧૬૬૧૪ રાજકોટ-કોઈમ્બતુર એક્સપ્રેસ ટ્રેન (સાપ્તાહિક) ૨૫ મેથી રાજકોટથી અને ૨૩ મેથી કોઈમ્બતુરથી LHB રેક સાથે દોડશે. આ ટ્રેનમાં કુલ ૧૯ કોચ હશે જેમાં ૧ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૬ સેકન્ડ સ્લીપર, ૪ જનરલ, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે.



LHB કોચ એ ટ્રેનમાં ઉપયોગમાં લેવામાં આવતી આધુનિક કોચ પ્રણાલી છે, જે જૂના ICF કોચની તુલનામાં વધુ સુરક્ષિત, આરામદાયક અને કાર્યક્ષમ છે. આ ટ્રેનમાં એલએચબી કોચ લગાવવાથી મુસાફરી વધુ સુરક્ષિત અને વધુ આરામદાયક બની રહેશે. પશ્ચિમ રેલવે મુસાફરોને વધુ સારી સુવિધાઓ સાથે ઝડપી મુસાફરી પૂરી પાડવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લઈ રહી છે. રેલવે હવે ધીમે તમામ ટ્રેનોમાં જૂના કોચને બદલીને અત્યાધુનિક ટેક્નોલોજીવાળા અને સુરક્ષાની દ્રષ્ટીએ પણ સલામત એવા કઈઈ કોચ ટ્રેનોમાં લગાવી રહી છે.

ટ્રેનોમાં વાદળી રંગના કોચને ICF અને લાલ રંગના કોચને LHB કહેવામાં આવે છે. LHB કોચની ટેક્નોલોજી વર્ષ-૨૦૦૦માં જર્મનીથી ભારત લાવવામાં આવી હતી. એલએચબી કોચ સલામતી, ગતિ ક્ષમતા, આરામ વગેરેની દ્રષ્ટિએ ICF કોચ કરતાં વધુ સારા છે. એલએચબી કોચમાં હાઈડ્રોલિક સસ્પેન્શનનો ઉપયોગ થાય છે, જે મુસાફરીને વધુ આરામદાયક બનાવે છે. આ કોચ મુસાફરો માટે અનુકૂળ હોય છે. એલએચબી કોચની સલામતી માટે તેમાં હાઈડ્રોલિક સસ્પેન્શનનો ઉપયોગ કરવામાં આવે છે જે કારણોસર આ અકસ્માતના કિસ્સામાં પણ વધુ સુરક્ષિત રહે છે.

# રાજકોટ ગ્રામ્યમાં સામાન સાથે વાહનો બિનવારસી મૂકવા પર પ્રતિબંધ

ગુજરાત રાજયમાં ભૂતકાળમાં આતંકવાદી સંગઠનો દ્વારા બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલા છે. જેને ધ્યાનમાં લઈને જનતાની સુરક્ષા માટે રાજકોટ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.કે.ગૌતમ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમીશ્નરેટની હકુમત સિવાયના ગ્રામ્ય વિસ્તારમાં જાહેર રસ્તા / રોડ, ફટપાથ, શેરી / ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાત રીતે) ટીફીન બોક્સ અથવા અન્ય સામાન સાથે સાયકલ તથા ટુ-વહીલર, ફોર-વ્હીલર વાહનો બિનવારસી મુકવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જો કોઈ સામાન સાથેના વાહનો બિનવારસી હાલતમાં મળી આવશે તો તે પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકાશે. આ હુકમ તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના રાત્રે ૧૨ કલાક સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પરપ્રાંતીય મજૂરોની વિગતો પોલીસ મથકમાં જણાવવા સૂચના

રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પરપ્રાંતીય કારીગરો દ્વારા થતા ગંભીર ગુનાઓ અટકાવવા અને જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.કે.ગૌતમે આદેશો જારી કર્યા છે. જે મુજબ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ કારખાના, મકાન બાંધકામ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટએ પોતાના યુનિટમાં હાલમાં કામ ઉપર છે, તેવા કાયમી, હંગામી, રોજિંદા કે કોન્ટ્રાકટના ભાગીયા, કર્મચારીઓ, કારીગરો, મજુરોની હકીકત તૈયાર કરી નિયત પત્રકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવાનું રહેશે. તા. ૩૦/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેનારા આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ઈંડા નોન વેજ ની લારી વાળા તેમજ માંસ મટનનું વેચાણ કરતા એકમોને શહેરની બહાર ખદેડો: તુષિત પાણેરી

## રામનવમીના પવિત્ર દિવસથી આ નિયમ કાયમ માટે લાગુ કરવા માંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દસ દિવસ પછી તા - ૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ચૈત્ર સુદ નોમ ની તિથિ એ મારા સહિત સૌ સનાતની હિન્દુઓ ના આસ્થા પૂરક ગણાતા મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામ નો જન્મદિવસ એટલે કે રામનવમી આવી રહી છે ત્યારે પ્રભુ શ્રી રામ ના ભક્તો ભગવાન ના સાક્ષાત્કાર ની અનુભૂતિ કરવા આતુર છે પરંતુ સરકારી પ્રશાસન ની અમુક બેવડી નીતિઓ થી સનાતની હિન્દુ સમાજ ની લાગણી દર વખતે કોઈને કોઈ રીતે દુભાતી હોય છે . . તાજેતર મા જ મહાશિવરાત્રી ના દિવસે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું કે મહાશિવરાત્રી ના દિવસે ઈંડા માંસ મટન ચિકન વગેરે નોન વેજ પદાર્થો નું વેચાણ સંગ્રહ પર પ્રતિબંધ રહેશે તેમ છતાં ઝેપ્ટો અને સ્વીગી નામની ઓનલાઈન ફૂડ ડિલિવરી એપ્લિકેશન મા આ તમામ નોન વેજ વસ્તુઓ નું ખુલ્લેઆમ વેચાણ ચાલુ હતું જે સમગ્ર કૌભાંડ આધાર પુરાવા સાથે ખુલ્લું પાડતા અંદાજે દોઢસો કિલો થી વધુ નો માંસ મટન ચિકન નો જથ્થો ઝડપાતા રાજકોટ મહાનગર પાલિકા ના ભ્રષ્ટ અધિકારીઓ અને પદાધિકારીઓની અણ આવડત ઉઘાડી પડી ગઈ હતી તેમ રાજકોટના સામાજિક અગ્રણી તુષિત પાણેરીએ જણાવ્યું હતું આજરોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ ના હેમુ ગઢવી હોલ ખાતે એક કાર્યક્રમ મા પધારી રહ્યા છે , હેમુ ગઢવી હોલ ની બરાબર પાછળ ના રોડ પર રેલવે પાટા ની સામે ઈંડા ની લારીઓ રોજ સાંજ થી રાત્રિ ના બાર એક વાગ્યા સુધી ધમધમે છે , આ સિવાય રાજકોટ શહેર ના ફૂલછાબ ચોક , સદર બજાર , યુનિવર્સિટી રોડ પર બી ટી સવાણી કિડની હોસ્પિટલ ની સામે ના ખુલ્લા પ્લોટ મા , કાલાવડ રોડ પર , નાના મવા રોડ , રૈયા રોડ વગેરે જેવા રાજકોટ ના અનેક મુખ્ય સ્થળો પર ઈંડા નોન વેજ ની લારીઓ ઉભી રહે છે , આ લોકો રાત્રે ધંધો પુરો થયે વધેલો માલ રોડ પર જ્યા ત્યાં ફેંકે છે જેના લીધે આસપાસ ના રહેવાસીઓ તેમજ દુકાનદારો વેપારીઓ ને પરેશાની થાય છે ત્યારે સૌ સનાતની હિન્દુઓ ની ધાર્મિક લાગણી દુભાઈ નહિ અને આવા નોન વેજ ના કચરા થી ફેલાતી ગંદકી ના ત્રાસ માથી લોકો મુક્ત થાય તેવા આશય સાથે રાજકોટ શહેર ના આવા તમામ નોન વેજ વસ્તુઓ નું વેચાણ કરતા લારી વાળાઓ ને રાજકોટ ના મુખ્ય રોડ ભરચક વિસ્તારો માથી દુર બહાર ની તરફ કાયમ માટે ખસેડવા નો એક આદેશ રાજકોટ પધારી રહેલા ગુજરાત મુખ્યમંત્રી મનપા તંત્ર ને કરે તેમજ આ નિયમ નું અમલીકરણ રામનવમી ના દિવસ થી થાય તેવી સૌ સનાતની હિન્દુ સમાજ વતી હું વિનંતી કરું છું .

# રાજ્યમાં ફરી ગરમીનો કહેર વધ્યો: અમદાવાદ સૌથી વધુ ગરમ શહેર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં માર્ચ મહિનો હવે પૂરો થવાના આરે છે, ત્યારે ગરમીએ પોતાનો મિજાજ દેખાડવાનું શરૂ કર્યું છે,છેલ્લા ત્રણ ચાર દિવસથી ગુજરાતમાં ગરમી વધી રહી છે. ત્યારે ગુજરાતમાં ગરમીએ ફરી ૪૧ ડિગ્રીની મહત્તમ સપાટી વટાવી દીધી છે. મંગળવારે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી કરી છે.

ગુજરાતમાં તાપમાન વધી રહ્યું છે ત્યારે અમદાવાદમાં પણ ગરમીનો પારો ઉચકાયો હતો. ૪૧.૫ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે અમદાવાદ શહેર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાન ૪૦.૯ ડિગ્રી રહેતા ૪૧ ડિગ્રી નજીક પહોંચ્યું હતું. વડોદરામાં પણ ૪૦.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ આપેલા તાપમાનના આંકડા પ્રમાણે ગુજરાતમા સરેરાશ તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. ગુજરાતમાં મંગળવારે ૨૮.૯ ડિગ્રીથી લઈને ૪૧.૫ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે દ્વારકામાં ૨૮.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક સુધી ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી કરી છે. આ વિસ્તારોમાં હવામાન વિભાગે યલો એલર્ટ આપ્યું છે. ગુજરાતમાં અત્યારે બપોરના સમયે ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે. વાતાવરણમાં કાળઝાર ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

# રાજકોટની મહિલાએ લેગિંગ્સમાં છુપાવ્યું હતું ૩૪.૭૩ લાખનું સોનુ: એરપોર્ટ પર ઝડપાઈ

## ગોલ્ડ સ્પ્રે પેસ્ટ અને કેમિકલના મિશ્રણથી બનાવેલુ સોનુ લેગિંગ્સના બે પડ વચ્ચે છુપાવેલુ હતું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની એક મહિલાને એમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમે રૂપિયા ૩૪.૭૩ લાખના ૨૪ કેરેટના ૩૮૨.૧૭૦ ગ્રામ સોના સાથે પકડી લીધી છે. આ મહિલા અબુધાબીથી દાણચોરીથી આ સોનુ લાવી હતી. આ સોનુ તેણે ગોલ્ડ સ્પ્રે પેસ્ટ અને કેમિકલના મિશ્રણથી બનાવી લેગિંગ્સમાં છુપાવ્યું હતું. કસ્ટમ વિભાગે ૩૪.૭૩ લાખની કિંમતનું સોનુ જપ્ત કરી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટની મહિલા દુબઈથી ૩૪.૭૩ લાખનું સોનું લેગિંગ્સના બે પડ વચ્ચે સંતાડીને દાણચોરી કરતા ઝડપાઈ હતી. અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ વિભાગને મળેલી માહિતીના આધારે આ મહિલાને ઝડપીને તેની લેગિંગ્સમાંથી ગોલ્ડ પેસ્ટ સ્વરૂપમાં ૩૮૨.૧૭૦ ગ્રામ સોનું જપ્ત કર્યુ હતું. અમદાવાદ કસ્ટમ્સની એઆઈયુ ટીમને મળેલી માહિતીના આધારે ૨૫ માર્ચના રોજ દુબઈથી અમદાવાદ આવતી ફલાઈટ નં. ૬-ઈ-૧૪૭૮માંથી એક મહિલા મુસાફરને અટકાવી હતી. તપાસ દરમિયાન તે મહિલા મુસાફર પાસે ૨૪ કેરેટના ૩૮૨.૧૭૦ ગ્રામ સોનું મળી આવ્યું હતું. જે ગોલ્ડ સ્પ્રે પેસ્ટ અને કેમિકલના મિશ્રણમાંથી બનાવવામાં આવ્યું હતું.કસ્ટમ્સના સુત્રોના કહેવા મુજબ આ સોનાને મહિલા મુસાફરે પહેરેલી લેગિંગ્સના બે સ્તર (પડ) વચ્ચે સંતાડ્યું હતું. આ



જપ્ત થયેલા સોનાની બજાર કિંમત રૂ. ૩૪,૭૩,૯૨૫ છે. કસ્ટમની તપાસમાં આ મહિલા મુસાફર રાજકોટની રહેવાસી છે. આ સોનું કોના માટે લાવ્યા હતા વગેરે બાબતે ઝીણવટીભરી પૂછતાછ કરીને તપાસ હાથ ધરી છે.

આ અગાઉ પણ અબુધાબીથી અમદાવાદ આવેલા બે પ્રવાસી પાસેથી પોણાત્રણ કરોડની કિંમતનું ત્રણ કિલોથી વધુ ગોલ્ડ ઝડપાતાં એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. બંને પ્રવાસીઓએ જીન્સ પેન્ટના કમરના ભાગે પ્લાસ્ટિક સ્ટ્રિપમાં સોનું સંતાડ્યું હતું. સોનું સેમી લિક્વિડ ફોર્મમાં કેમિકલ સાથે મિક્સ કરીને લાવવામાં આવ્યું હતું.

# સેફરોન બિલ્ડીંગમાં યુવાને છઠ્ઠા માળેથી લગાવી મોતની છલાંગ

## ■ આપઘાતનું કારણ અકબંધ: પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જુના મોરબી રોડ ઉપર રાજેશ મીલ સામે આવેલ સેફરોન બિલ્ડીંગમાં રહેતા યુવાને કોઈ અગમ્ય કારણસર છઠા માળની બાલ્કનીમાંથી પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. માતા-પિતાને આધાર સ્થંભ અને એકની એક બહેનના એકના એક ભાઈના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ જૂના મોરબી રોડ ઉપર આવેલ રાજેશ મીલ સામે આવેલ સેફરોન બિલ્ડીંગમાં રહેતા ભાવિન વિજયભાઈ ટોપીયા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે સાંજના છએક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર છઠ્ઠા માળની બાલકનીમાંથી મોતની છલાંગ લગાવી



હતી. યુવકને સારવાર મળે તે પૂર્વે જ યુવાનનું ઘટના સ્થળે મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે. આ ઘટના અંગે જાણ થતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટનાને દોડી ગયો હતો અને પોલીસે ઘટના સ્થળે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન માતા-પિતાને આધાર સ્થંભઅને એકની એક બહેનના એકના એક ભાઈ હતો. આ અંગે બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કે.સી. સોઢા સહિતના સ્ટાફે યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા કાનૂની તપાસનો લંબાવ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગોંડલમાં યુવાને ડેમમાં ઝંપલાવી કર્યો આપઘાતનો પ્રયાસ

## સારવાર દરમ્યાન ડીગ્રી વગરના ડોકટરે અગાઉ અડપલા કર્યા હોવાની પોલીસમાં અરજી કરી હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગોંડલમાં ઘડીયાળના ધંધાર્થીએ આશાપુરા ડેમમાં ઝંપલાવી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર યુવાને એક મહિના પહેલા ડિગ્રી વગર તબીબ સારવાર કરતા હોવાની અને આ કહેવાતા તબીબે અડપલા કર્યાની પોલીસમાં અરજી કરી હતી જો કે, તેણે લખેલી સ્યુસાઈટ નોટમાં કોઈનો વાંક ન હોવાનુ જણાવ્યુ છે. આ અંગે પોલીસે હોસ્પિટલે દોડી જઈ યુવાનનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.જાણવા મળતી વિગત મુજબ ગોંડલમાં નવા માર્કેટ યાર્ડ પાસે આવેલા શ્રીનાથજી પાર્ક શેરી.નં૧માં રહેતા અને ઘડીયાળનો ધંધો કરતા ભવ્યેશભાઈ વિનોદભાઈ ઢોલ(ઉ.વ.૪૫)નામના યુવાને સવારે આશાપુરાડેમમાં ઝંપલાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો જો કે, ત્યા હાજર લોકોએ તેને બચાવી લઈ પાણીમાંથી બહાર કાઢી સારવાર માટે પ્રથમ ગોંડલ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક્તપાસમાં તેણે આપઘાતનો પ્રયાસ કર્યા પૂર્વે લખેલી સ્યુસાઈટ નોટ મળી આવી હતી જેમા તેણે તેની જાતે આ પગલુ ભરતુ હોવાનુ ભવનું અને કોઈના ડરથી કે બીકથી આ પગલુ ભરતો ન હોવાનુ જણાવ્યુ હતુ. જ્યારે ભવ્યેશભાઈએ એક મહિના અગાઉ પોલીસમાં કરેલી અરજી ક્યાનું જાણવા મળ્યુ છે જેમા તેણે જણાવ્યા મુજબ ખંભાનું દુખાવો હોય જેથી મોવીયા રોડ પર આવેલી માનવ દર્દ ઉપચાર નામના દવાખાનમાં દવા લેવા જતા ત્યા હાજર ડોકટર રસીક કાલરીયાએ તેમની સાથે શારીરીક અડપલા કર્યા હતા અને આ કહેવાતા તબીબ ડિગ્રી વગર પ્રેટીસ કરતા હોવાનુ અને લોકો પાસેથી ફીના ઉભરાણા કરતા હોય જેથી તેના વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા અરજી કરી હતી. જો કે, તેમણે આપઘાતનો પ્રયાસ સા માટે કર્યો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીગ્રામમાં કેસ પાછો ખેચી લેવા ધમકી આપી ચાર શખ્સોનો યુવક પર હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગાંધીગ્રામ વિસ્તારમાં વોકિંગમાં નિકળેલા યુવકને મારા પર કરેલ કેસ પાછો ખેંચી લેજે નહીંતર પાછો આંટીમાં જઈશ અને તારા ટાંટિયા ભાંગી નાખીશ તેમ કહી ચાર શખ્સોએ માર માર્યો હતો. – હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ૧ જ્યારે સામા પક્ષે પણ આધેડને ઈજા – પહોંચી હોવાના આક્ષેપ સાથે – હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. આ અંગે વિગત મુજબ – ગાંધીગ્રામમાં રહેતો ધ્રુવિત ઉર્ફે ધ્રુવ જનકભાઈ પરમાર નામનો ૩૧ વર્ષનો યુવાન રાત્રીના પોતાના ઘર પાસે વોકીંગમાં નિકળ્યો હતો તે દરમિયાન દિવ્યરાજ વાળા નામનો શખ્સ બાઈક સાથે ધસી આવ્યો હતો અને મારા પર કેસ કરેલો પાછો ખેંચી લેજે નહીંતર પાછો આંટીમાં જઈશ અને તારા ટાંટિયા ભાંગી નાખીશ તેમ કહી શેરીમાં બેઠેલા તેના મિત્રો મંથન ગોહેલ, કેતન ગોહેલ અને મનસુખ ગોહેલને બોલાવી લીધા હતાં. અને ધ્રુવિત ઉર્ફે ધ્રુવ પરમાર ઉપર હુમલો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે સામાપક્ષે કાલાવડ રોડ ઉપર સદગુરુ નગર રૂડા-૨ માં રહેતા કેતન મનસુખભાઈ ગોહેલ ઉ.વ.૪૮ પણ ધ્રુવિક સહિતના શખ્સોએ માર માર્યો હોવાના આક્ષેપ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. તેમણે જણાવ્યું હતું કે, ગાંધીગ્રામમાં રહેતા તેના માતા-પિતા પાસે બેસવા ગયા હતાં ત્યારે ધ્રુવિક સહિતના શખ્સો મંથન ગોહેલ સાથે ઝઘડો કરતા હોવાથી તેમને છોડાવા વચ્ચે પડતા માર માર્યો હોવાનું આક્ષેપ કર્યો છે.

# સાંઈબાબા સર્કલ પાસે યુપીનો શખ્સ ૧.૭ કિગ્રા ગાંજા સાથે ઝડપાયોઃ સુરેન્દ્રનગરના શખ્સની સંડોવણી

## માદક પદાર્થ, બાઈક અને મોબાઈલ મળી ૬૭હજારનો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



આજી ડેમ પોલીસ સ્ટાફે બાતમીને આધારે કોઠારીયા વિસ્તારમા આવેલા સાંઈબાબા સર્કલ પાસેથી એક શખ્સને ૧.૭૬૫ કિલો ગ્રામ ગાંજાનાં જથ્થા સાથે ઝડપી લેવામા આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ આજીડેમ પોલીસ મથકનાં પીઆઈ એ. બી. જાડેજાની રાહબરીમા પીએસઆઈ જે. જી. રાણા, એએસઆઈ રવીભાઈ વાંક, હારૂનભાઈ ચાનીયા, દિગ્પાલસિંહ જાડેજા સહીતનાં સ્ટાફે બાતમીનાં આધારે કોઠારીયાવિસ્તારમા આવેલા સાંઈબાબા સર્કલ પાસેથી મુળ યુપીનાં પરશીયારાજા ગામનાં અને હાલ રાજકોટ શહેર ઢેબર રોડ પાસે વિરાણી અઘાટ શેરી નં ૨ મા રહેતા રવીકુમાર સાધુરામ યાદવને ૧.૭૬૫ કિલો ગ્રામ ગાંજા સાથે ઝડપી લેવામા આવ્યો હતો તેમની પાસેથી બાઈક અને મોબાઈલ સહીત રૂ. ૬૭ હજારનો મુદામાલ જપ્ત કરવામા આવ્યો હતો તેમની પુછપરછમા તેમણે આ ગાંજાનો જથ્થો સુરેન્દ્રનગર તરફથી એક શખ્સ આપવા આવ્યો હતો અને પોતે ગાંજાનો બંધાણી હોવાનુ જાણવા મળી રહ્યુ છે હાલ આ તપાસ થોરાળા પોલીસ મથકનાં પીએસઆઈ મહેશ્વરીને સોપવામા આવી છે.

# પ્ર.નગર પોલીસમથકના પૂર્વ PIને ૬૦ લાખના તોડ પ્રકરણમાં હાઈકોર્ટનું તેડું

## ક્રિપ્ટો કરન્સીનો ગેરકાયદેસર ધંધો કરતા હોવાનું આળ મૂકી તોડ કરનાર કર્મી વિરુદ્ધ ફરિયાદ નહિ નોંધાતા રીટ પિટિશન કરી'તી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ ખાતે હેતા અને સોફટવેર ડેવલોપમેન્ટનો વ્યવસાય કરતા હિરેન હિમાંશુભાઈ દાવડાને ધંધામાં રૂા.૬૦ લાખની જરૂરત પડતા તેના મિત્ર ઉર્વિશ પટેલ પાસેથી આર.ટી.જી.એસ.થી મગાવવાના હતા. પરંતુ પોતાના ખાતામાં રકમ ઉપડી શકે તેમ ન હોવાથી મિત્ર સમિર વેકરિયાને વાત કરતા તેના મિત્રોના ખાતામાં રકમ ઉપડી શકે તેમ હોય સમિર વેકરીયાના કહેવાથી હિરેનભાઈ દાવડનાએ તેના મિત્ર ઉર્વિશ પટેલને કહી એકતા એન્ટરપ્રાઈઝના બેંક ખાતામાં રૂા.૬૦ લાખનું લાખનું આર.ટી.જી.એસ. કરાવ્યું હતું. જે રકમ ઉપાડી હિરેનભાઈ દાવડાને આપવાની હતી દરમીયાન મિત્ર મયંક વઘાસીયાએ હિરેન દાવડાને જણાવેલ કે એક પાર્ટી ક્રિપ્ટો કરન્સીને લગત કામ કરે છે તેને મળી તો આપણા ધંધાને લગત લાઈન મળી શકે તેમ કહી મયંક વઘાસીયા, હિરેન દાવડા પાર્ટીને મળવા રેસકોર્પ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા હતા. જ્યાં ચર્ચા શરૂ થાય એ પહેલા પ્ર-નગર પોલીસ સ્ટેશનના કનુભાઈ ભમ્મર સહિત ત્રણથી ચાર પોલીસ કર્મી સ્વીફટ કારમાં ધસી આવ્યા હતા. અને તમો બે નંબરના ધંધા કરો છો કહી કારમાં બેસાડી પ્ર.નગર પોલીસ સ્ટેશને લઈ જઈ મોબાઈલ ફોન અને પર્સ ઝુંટવી લઈ ચેક કરતા ક્રિપ્ટોને લગત કોઈ હકીકતો મળી આવેલ નહી અને ઉર્વિશ પટેલે રૂા.૬૦ લાખ આર.ટી.જી.એસ.થી મોકલ્યા હતા તે ફોટો મોબાઈલમાં મળી આવતા તમો બે નંબરના ધંધા કરો છો તે રીતે કોઈપણ માધ્યમથી વાંકમાં લઈ હિરેન દાવડાએ મગાવેલ રૂા.૬૦ લાખ ખાતામાંથી એક ખાતેદારના ખાતામાંથી રૂા.૩૦ લાખ ઉપાડાવી રકમ ભરેલો થેલો પોલીસે લઈ લીધો હતો અને બાકીના અન્ય ખાતેદારને રૂા.૩૦ લાખ ઉપાડી પોલીસ સ્ટેશન ખાતે આપી જવાનું કહ્યું હતું. ભાદમાં ગાળો ભાંડી ફાડાકા મારી ખોટા



ગુનામાં હીટ કરી દેવા ધમકી આપી રૂ.૬૦ લાખની સંપુર્ણ રકમ જતી કરવા અને અને ખોટો કેસ દાખલ નહિ કરવા રૂા.૯ લાખની માંગણી કરી હતી.

આ અંગે હિરેન દાવડાએ માર મારી રૂપિયા પડાવી લેનાર અને વધુ રૂપિયાની માંગણી કરનાર પોલીસ કર્મીઓ વિરુદ્ધ પ્રનગર પોલીસ મથકના પીઆઈને આપેલ લેખીત ફરીયાદ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી અને આ તોડકાંડ અન્વયેના સમાચારો પણ મીડીયામાં પ્રસિધ્ધ થયા હતા. તે દસ્તાવેજી પુરાવો રજુ રાખી હીરેન દાવડાએ ગુજરાત હાઈકોર્ટમાં પોલીસ કમીશ્નર અને પોલીસ પ્રનગર પોલીસ મથકના પીઆઈ સહિતને જોડી રીટ પીટીશન દાખલ કરી હતી. જે રીટ પીટીશન ચાલવા પર આવતા કરવામાં આવેલ રજુઆતો, રેકર્ડ પરની હકીકતો ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રનગર પોલીસ મથકના તત્કાલીન પીઆઈ ભાર્ગવ ઝણકાટને આગામી તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ હાજર રહેવા નોટીસ ઈસ્યુ કરવામાં આવી છે. આ કેસમાં અરજદાર હિરેન દાવડા વતી હાઈકોર્ટના એડવોકેટ પ્રતિક જસાણી, રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ અને જયમલ મકવાણા રોકાયા હતા.

# બગસરાના મોટા મૂંજિયાસર ગામમાં પ્રાથમિક શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ સામૂહિક રીતે પોતાના હાથ પર બ્લેડથી કાપા માર્યા

## વાલીઓએ પૂછ્યુ તો બાળકોએ કહ્યું શિક્ષકે કારણ જણાવવાના કહી છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામની પ્રાથમિક શાળામાં એક વિચિત્ર ઘટના બહાર આવી છે જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાને બ્લેડ વડે કાપા મારી ઈજા પહોંચાડવામાં આવી છે આ ઘટના બાબતે વાલીઓને યોગ્ય જવાબ ન મળતા ગ્રામ પંચાયત દ્વારા પોલીસને અરજી આપવામાં આવી છે. બગસરા તાલુકાની મોટા મુંજીયાસર ગામની પ્રાથમિક શાળામાં ત્રણેક દિવસ પહેલા શાળાના ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના હાથ તથા પગના ભાગમાં બ્લેડ દ્વારા કાપા મારી જાતે ઈજા પહોંચાડી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે આ તમામ વિદ્યાર્થીઓ પોરણ ૫,૯ અને ૭ માં ભણતા હોવાનું જાણવા મળેલ છે અને આ બાબતે વિદ્યાર્થીઓને વાલી દ્વારા પૂછપરછ કરવામાં આવતા બાળકો દ્વારા અમને શિક્ષકોએ કહેવાની ના પાડી છે એવું કહીને બહાનાબાજી કરી વાત ઉડાવી દીધી હતી.જેથી માતા પિતાને સંતોષકારક જવાબ ન મળતા તેઓ શાળાએ પહોંચ્યા હતા,જ્યાં પણ પ્રશ્નનો નિવારણ ન થતા ગ્રામ પંચાયત દ્વારા આ બાબતે પોલીસને અરજી આપી તપાસની માંગણી કરી છે,જેમાં વિદ્યાર્થીઓએ જાતે જ ઈજા પહોંચાડી છે કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા આવું કરવામાં આવેલ છે તેની તપાસ કરવા ઈચ્છા વ્યક્ત કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શાળામાં આવેલા સીસીટીવી કેમેરાની તપાસ



કરવામાં આવે તો સાચી બાબતો બહાર આવી શકે તેમ છે. સમગ્ર ઘટના બાબતે ગામના સરપંચ જયસુખભાઈ ખેતાણીના જણાવ્યા અનુસાર શાળામાં આ વિચિત્ર ઘટના અત્યાર શાષવામાં મારી આવે તો ભવિષ્યમાં કોઈ બાળક જીવ ખોઈ બેસે તેવી પણ શક્યતા રહેલી છે તેથી તાત્કાલિક બધી જ બાબતો બહાર આવે તે જરૂરી છે.

# કુવાડવા ગામે નકલી તબીબને ઝડપી લેતી એસઓજીની ટીમ

- હોમીયોપેથીકનો ૬ માસ અભ્યાસ કરી ક્લિનિક શરૂ કર્યુ ,તું:છ માસથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો પોરબંદરનો ઘોડા ડોકટર ઝડપાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**



કુવાડવા ગામેથી એસઓજીએ પોરબંદરના નકલી ડોકટરને દબોચી વિવિધ દવાઓ સહિતની સામગ્રી મળી કુલ રૂ.૨૬ હજારનો મુદામાલ કબજે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ શહેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા મુન્નાભાઈ એમબીબીએસ પર ખાચ વોચ રાખવાની સુચના અન્વેય એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સલિમ ઘુસરા, એએસઆઈ ફિરોજભાઈ, જમાદાર કિશોર ઘુઘલ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.ત્યારે કુવાડવા ગામે વચ્છરાજ કલીનીક ચલાવી શખસ કોઈ જાતની ડિગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે. જે બાતમી આધારે દરોડો પાડી કલીનીકમાં હાજર રહેલ શખસનું નામઠામ પુછતા મૂળ પોરબંદરના દેવ દર્શન પાર્કમાં હાલ કુવાડવા ગામે પટેલ ફળીયા ધરમસીભાઈ ટીનાભાઈ સોલંકીના મકાનમાં ભાડેથી રહેતો રાજ વિનોદભાઈ કુબાવત હોવાનું જણાવ્યુ હતું. જેથી પોલીસે શખસ પાસેથી ડીગ્રી સર્ટીફિકેટ માંગતા નહીં હોવાની કબુલાત આપતા પોલીસે કિલનીકમાંથી દવાઓનો જથ્થો તથા અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂ.૨૬ હજારનો મુદામાલ કબજે કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં હોમીયોપેથીકનો ૬ માસ અભ્યાસ કર્યો હોવાથી તેના આધારે કલીનીક શરૂ કર્યુ હોવાની કબુલાત આપી હતી.

# એસટી બસપોર્ટના પહેલા માળેથી દારૂની ૬૦ ખાલી બોટલો મળતા ચકચાર

## ટ્રાફિકથી ધમધમતા એરિયામાં પણ આવારા તત્વો ખેલ કરી ગયાઃ પોલીસ અને તંત્રને રજૂઆત કરી થાકી ગયા, અંતે સિક્યુરિટી ગાર્ડ રાખ્યાઃ એસો.પ્રમુખ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



એસટી બસ પોર્ટના પહેલા માળે આવેલા યુરિનલના નવેરામાંથી ૬૦ જેટલી દારૂની ખાલી બોટલ મળતા ગુજરાત એસટી મુસાફરો હિતરક્ષક સમિતી દ્વારા પોલીસમાં અરજી કરવામાં આવી હતી. જેના પગલે આ જગ્યા ખાનગી ધોરણે ભાડે આપી હોવાથી એસોસિયેશનના પ્રમુખે પણ આ બાબતે અનેક રજુઆત કરી હોવાનું જણાવ્યુ હતું. આ અંગેની વિગતો મુજબ ગુજરાત એસટી મુસાફર હિત રક્ષક સમિતી દ્વારા બસ પોર્ટના પહેલા માળેથી યુરિનલના નવેરામાં ૬૦ જેટલી દારૂની ખાલી બોટલો પડી હોવાનું એસટીના સત્તાધીશો અને પોલીસને ધ્યાને મુક્યુ હતું. તેમજ બસ પોર્ટમાં આવેલી પોલીસ ચોકી પર તાડા જ હોવાનું ફરિયાદમાં જણાવ્યુ છે.

આ મામલે બસ પોર્ટના મેનેજર ધનશ્યામભાઈ ચગે કહ્યુ કે, જ્યા દારૂની ખાલી બોટલો મળી છે તે સરકારી પ્રિમાઈશીશમાં નથી આવતું. એજન્સી દ્વારા આ જગ્યા ભાડા પટ્ટે આપી હોવાથી ત્યા એસોસિયેશન લાગુ પડે છે. તો બીજી તરફ એસોસિયેશનના પ્રમુખ કશ્યપ પાંચાલીએ કહ્યુ કે, અમારી શોપ બંધ થયા બાદ આવારાતત્વોનો ત્રાસ વધતો જાય છે. આ અંગે અનેક વખત પોલીસ અને સત્તાધીશોને પણ જાણ કરી છે. આખરે અમે એસો.ના ખર્ચે ત્યા સિક્યુરીટી ગાર્ડ રખાયા છે. પોલીસમાં પેટ્રોલિંગ વધારવા માટે પણ રજુઆત કરી છે.

# જેતપૂરમાંથી ૧૦ તોલા સોનાની લગડી લઈ ફરાર થયેલો રાજકોટનો ભેજાબાજ શખ્સ ઝડપાયો

## એડવાન્સ ૫૦ હજાર આપી પેમેન્ટ કારમાં છે કહી નાસી છૂટયોઃ સોની વેપારીએ પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી

જેતપુરના એક શખસે સોના ચાંદીની દુકાન ધરાવતા વેપારીને ૧૦ તોલા સોનાની લગડી પોતાને લેવાની હોવાનું જણાવી અને લગડી પેટે એડવાન્સ ૫૦ હજાર જમા કરાવી લગડી શહેરના જીમખાના મેદાને આપી જઈને બાકીનું પેમેન્ટ ત્યાંથી લઈ જવાનું જણાવી રાજકોટનો ઠગબાજ શખ્સ સોનાની લગડી લઈને પેમેન્ટ કારમાં છે તે લઈને આવુ કહી નાશી જઈ છેતરપિંડી કર્યાની સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.જે અંગે જેતપુર પોલીસે શખસને રાજકોટમાંથી દબોચી લીધો છે. આ અંગેની વિગતો મુજબ શહેરના એમજી રોડ પર પટેલ ગોલ્ડ નામની દુકાન ધરાવતા વિપુલભાઈ સોજીત્રાએ નોંધાવેલ ફરીયાદ મુજબ ગત તા ૬ના રોજ દીકરા ધ્રુવ સાથે પોતાની પટેલ ગોલ્ડ નામની દુકાને હાજર હતો ત્યારે કશ્યપ રામાણી નામનો શખ્સ આવેલ અને જણાવેલ કે, મારે ૧૦ તોલા સોનાની લગડી વેચાતી જોઈએ છે, તેનો ભાવ શું થાય જેથી અમે રૂપિયા ૮,૮૪,૦૦૦ લાખનો ભાવ કહેલો હતો. જે ભાવ સાંભળી કશ્યપે હા પાડી ૫૦ હજાર રૂપિયા રોકડા જમા કરાવેલ અને બીલ તેમજ સોનાની લગડી જીમખાના કોમ્પલેક્ષ છે ત્યાં મોકલાવજો ત્યાં બાકીની રકમ આપી દઈશ. જેથી ફરીયાદીએ લગડી લઈ પોતાના દીકરા તેમજ દુકાનમાં કામ કરતા હર્ષદભાઈ મકવાણાને જીમખાના કોમ્પ્લેક્ષે મોકલેલ. ત્યાં કશ્યપ ઉભો હતો તેને સોનાની લગડી આપી અને બાકીની રકમ આપવાનું જણાવતાં કશ્યપે કહ્યું હતું કે, હું કારમાંથી બાકીનું પેમેન્ટ લઈને આવું તેમ કહી ફોનમાં વાતો કરતો કરતો ત્યાંથી ચાલ્યો ગયો. અને ઘણો સમય થઈ ગયો છતાંય પાછો ન આવતા હર્ષદભાઈ જીમખાના મેદાનમાં જોવા જતા ત્યાં કોઈ ન હતું. જેથી વિપુલભાઈને ફોન કરતા તેઓ પણ હાફફળા ફાફળા થતા ત્યાં આવીને કશ્યપના મોબાઈલ પર કોલ કરતા મોબાઈલ બંધ આવતો હતો. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા સીટી પોલીસ સ્ટેશનમાં કશ્યપ રામાણી વિરુદ્ધ છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી.

# આટકોટમાં પિતાનું હાર્ટએટેકથી મોત થયા બાદ ત્રણ કલાકમાં પૂત્રીને પણ હદયરોગનો હુમલો આવતા મોત

## જસદણના પટેલ પરિવારમાં કરૂણ કલ્પાત



જસદણ ખાતે રહેતા પટેલ પરિવારના વડીલનું હદય રોગના હુમલાથી અવસાન થયા તેની જાણ જસદણ તાલુકાના આટકોટ ખાતે રહેતી તેમની દીકરીને થતા દીકરીને પણ હાર્ટ એટેક આવતા તેનું પણ કરૂણ મોત નીપજતા જસદણ આટકોટના પટેલ સમાજમાં અરેરાટી ફેલાઈ છે. આ અંગેની માહિતી મુજબ જસદણ ખાતે રહેતા પટેલ રવજીભાઈ ગજેરા ને હાર્ટ એટેક આવતા તેનું મોત નીપજ્યું હતું. રવજીભાઈના અવસાનના સમાચાર જસદણ તાલુકાના આટકોટ ખાતે સાસરે રહેતી તેમની દીકરી હંસાબેન ઉકાભાઈ હિરપરાને જાણ કરતા હંસાબેનને પણ આઘાતને કારણે હાર્ટ એટેક આવ્યો હતો અને તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્યાં હંસાબેન (ઉંમર વર્ષ ૫૯) નું મોત નીપજ્યું હતું. જસદણ તથા આટકોટના પટેલ પરિવારમાં પિતા અને પુત્રીના માત્ર ત્રણ કલાકના સમયગાળા દરમિયાન જ મૃત્યુ થતાં જસદણના પટેલ પરિવારમાં ઘેરો શોક ફેલાયો છે.

# લોધીકાના ચીભડામાં મિત્રો સાથે ન્હાવા ગયેલા તરૂણનું ડુબી જતાં મોત

## ફાયર બ્રિગેડની બે ટીમે ઠીમડિયુ ડેમમાંથી મૃતદેહ બહાર કાઢયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



લોધીકાના ચીભડા ગામની સીમમાં કારખાનામાં મજુરી કરતા પરપ્રાંતીય પરિવારનો ૧૦ વર્ષીય તરૂણ મિત્રો સાથે ઠીમડીયુ ડેમમાં ન્હાવા ગયા બાદ પાણીમાં ડુબી જતા તેનું મોત નિપજ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે બે કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢયો હતો. આ બનાવથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગેની વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ ચીભડા ગામની સીમમાં ફોરમ ટેકનોકાસ્ટ નામના કારખાનાની ઓરડીમાં રહેતા લાલુભઈ સમળીયાભાઈ જાખોડીયનો ૧૦ વર્ષનો પુત્ર દિનેશ ગઈકાલે સાંજે તેના બે મિત્રો સાથે કારખાના નજીક આવેલા ઠીમડીયુ ડેમના ખાડામાં ન્હાયા બાદ પરત દિનેશ તેના મિત્રોને કુદરતી હાજતે જવાનું કહી ફરી ડેમ પાસે ગયો હતો. બાદમાં તે ઘરે ન આવતા પરિવારજનોએ શોધખોળ કરતા ડેમમાં કાઠેથી દિનેશના ચંપલ અને કપડા મળી આવ્યા હતા. જેથી ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના નિવૃત સ્ટેશન ઓફીસર યોગેશ જાની, નરેન્દ્રસિંહ, ગૌતમભાઈ, વિજય ચોસલા, પિયુષ વાડલીયા સહીતનો સ્ટાફ દોડી ગયો હતો. બે કલાની જહેમત બાદ પાણીમાંથી દિનેશનો મૃતદેહો મળી આવ્યો હતો. બનાવની જાણ થતા લોધીકા પોલીસ અને સરપંચ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ અંગે હેડ કોન્સ. ગણેશભાઈએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક દિનેશ બે ભાઈ એક બહેનમાં મોટો હતો. પુત્રના મોતથી શ્રમિક પરિવારમાં શોકની લાગણી છવાઈ છે.

# રાજકોટના યુવાન પાસેથી ૩૦ ટકા તોતિંગ વ્યાજ વસુલનાર મોરબીના બે વ્યાજખોરો સામે ફરિયાદ

## બે વ્યાજખોરોએ એક્સપોર્ટ – ઈમ્પોર્ટના ધંધાર્થીને વ્યાજના વિષચક્રમાં ફસાવ્યોઃ૧૦ લાખના ૨૫ લાખ પરત ચૂકવવા છતાં ધમકી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબીના વ્યાજખોરે રાજકોટના એક્સપોર્ટ -ઈમ્પોર્ટના ધંધાર્થીને પોતે તેમજ અન્ય વ્યાજખોર પાસેથી કુલ ૧૦ લાખ મહિને ૩૦ ટકા વ્યાજે આપ્યા બાદ ૨૫ લાખથી વધુ રકમ વસુલ કર્યા બાદ પણ ધાકધમકી ચાલુ રાખતા અંતે મોરબીના બન્ને વ્યાજખોરો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના યુનિવર્સીટી રોડ ઉપર નંદભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા ઈમ્પોર્ટ - એક્સપોર્ટના ધંધાર્થી વિકાસ ધરમશીભાઈ સાદરિયા ઉ.૨૯ નામના યુવાને મોરબીના રવાપર રોડ ઉપર રહેતા સુનિલ પ્રેમજીભાઈ દલસાણીયા અને વિપુલ સવસેટા નામના બે વ્યાજખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જાહેર કર્યુ હતું કે, એકાદ વર્ષ પૂર્વે ધંધા માટે નાણાંની જરૂર પડતા આરોપી સુનિલ સાથે મિત્રતા હોય વિકાસભાઈએ રૂપિયા ૫ લાખ દૈનિક ૫ હજાર વ્યાજ લેખે લીધા હતા. બાદમાં વધુ નાણાંની જરૂર પડતા સુનિલ મારફતે વિપુલ સવસેટા પાસેથી પણ એક લાખના દૈનિક એક હજાર લેખે ૫ લાખ વ્યાજે લઈ ગૂગલ પે, નેટ બેન્કિંગ અને આંગળીયુ કરી બન્ને આરોપીઓને કુલ ૨૫,૧૩,૫૦૦ ચૂકવી દીધા હતા.

જો કે, આરોપી સુનિલ પ્રેમજીભાઈ દલસાણીયા અને વિપુલ સવસેટાએ ફરિટાદી વિકાસભાઈને નાણાં વ્યાજે આપ્યા તે સમયે અલગ -અલગ કોરા ચેક મેળવી લીધા હોવાથી આરોપીઓએ ધાક ધમકી આપી વ્યાજ મુદલ મેળવી લીધા બાદ પણ ઉઘરાણી ચાલુ રાખી ફોનમાં ગાળો આપી ધમકીઓ આપતા અંતે વિકાસભાઈએ બન્ને આરોપીઓ વિરુદ્ધ નાણાં ધીરધારની કલમો મુજબ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને વિરુદ્ધ ગુન્હો દાખલ કર્યો હતો.

# કીટીપરામાં ગાળો બોલવા પ્રશ્નને બે જુથ વચ્ચે મારામારી : ચારને ઈજા

## પ્રનગર પોલીસમાં સામસામે આઠ વિરૂધ્ધ ફરિયાદ

શહેર ના કીટીપરામાં રહેતા અને મજૂરી કરતાં મુકેશભાઈ મધુભાઈ ભોણીયા ઉ.૩૦એ અર્જુન ઉમેશ ભોણીયા, સની નટુ કૂવાદીયા, સંદીપ નટુ કૂવાદીયા, નવઘન ઉમેશ ભોણીયા, ઉમેશ ભાણજીભાઈ ભોણીયા અને રોહિત રવિભાઈ ભોણીયા સામે પ્રનગાર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રાત્રીના ઘરની બહાર છાપરા પાસે અર્જુન, સની તથા સંદીપ ગાળાગાળી કરતા હોય જેથી મેં અમારા ઘર પાસે ગાળો બોલવાની ના પાડતા આ ત્રણેય એકદમ ઉશ્કેરાઈ મને તથા મારા કાકાના દીકરા અજય ભોણીયાને આડેધડ પાઈપ તથા છરી વડે માર્યો હતો દેકારો થતા સામા પક્ષેથી ઉમેશભાઈ, નવઘણ તથા રોહિત એમ ત્રણ વ્યક્તિ દોડી આવ્યા હતા અને બન્ને ભાઈઓને ઢીકાપાટુનો માર મારેલ છે જ્યારે સામા પક્ષે આ જ વિસ્તારમાં રહેતા રવિભાઈ ભાણજીભાઈ ભોણીયા ઉ.૪૦એ અજય ભોણિયા તથા તેના કાકાનો દિકરો મેહુલ ભોણિયા સામે વળતી ફરિયાદ નોંધાવી હતી.જેમાં જણાવ્યું હતું કે રાત્રીના અમુક માણસો ગાળા ગાળી કરતા હોય હું નીચે જોવ ગયેલ ત્યા અજય, મેહુલ તથા બિજા છોકરાઓ ગાળાગાળી તથા દેકારો કરતા હોય જેને મે ટપારતા અને અહિયા ગાળો ન બોલવાનુ કહેતા બંનેએ ઉશ્કેરાઈને મને જેમ ફાવે તેમ ગાળો ભાંડી પાઈપ જેવી વસ્તુ માથામા ઝીકી ઢીકાપાટુનો માર માર્યો હતો બાદ મારો દિકરો રોહિત મને બચાવવા આવતા મારા દિકરાને મેહુલે માથાના ભાગે મુંઢ ઈજા કરેલ છે બંને પક્ષના આઠ સામે ફરિયાદ નોંધી પીએસઆઈ બી વી બોરીસાગર સહિતે તપાસ હાથ ધરી છે.